॥ ॐ श्रीँ ॥

નિતી, ધર્મ આદી સદ્દગુણોનો

સદુપદેશક

બાળ સન્મિત્ર.

प्रथम समागम.

લેખક તથા પ્રકાશક.

હરિલાલ ચુનીલાલ કાગળવાળા

સુરતનિવાસી—વડોદરા.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦. સને ૧૯૧૩

કીંમત બે આના.

☞બાલમિત્રો ! આજ આપણો સાચો મિત્ર છે ! આપણે સદા આ બાલસન્મિત્રનીજ મિત્રાચારી કરવાની છે–હાંકે ?

તે બાલ સન્મિત્ર એજ આશિર્વાદ આપેછે કે:–હે આર્ય બાલકો ! તમે નીતિ ધર્મઆદી સદ્ગુણો શીખી, નિતિવાન, ચારિત્રવાન્, વિદ્વાન અને સદ્ગુણી થાઓ ! અને તમે પોતાને, કુટુંબને, જ્ઞાતિને, જનસમાજને, દેશને અને અખિલ વિશ્વને મદદરૂપ નીવડો !

અસ્તુ !

॥ ॐ श्री ॥

નિતી, ધર્મ આદી સદ્‌ગુણોનો

સદુપદેશક.

બાલ સન્મિત્ર.

પ્રથમ સમાગમ.

લેખક તથા પ્રકાશક.

હરિલાલ ચુનીલાલ કાગળવાળા

સુરતનિવાસી—વડોદરા.

બાળમિત્રો ? જુઓ ? જુઓ ?
આજ આપણો સાચો મિત્ર છે ?
આપણે સદા આ મિત્રનીજ મિત્રા-
ચારી કરવાની છે-હાંકે ?

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦. સને ૧૯૧૩

કીંમત બે આના.

શ્રી 'સત્યવિજય' પ્રીન્ટીંગ પ્રેસમાં શા સાંકળચંદ
હરિલાલે છાપી.— અમદાવાદ.

આ લઘુ પુસ્તક લખવાનો હેતુ.

એ તો નિઃસંશય વાત છે, કે બાલકોને પોતાની બાલ્યાવસ્થામાંજ નીતિ અને ધર્મ ઇત્યાદિકના સંસ્કારો દૃઢપણે પાડવા જોઇએ. જો આ સંસ્કારો બાલકોને બાલ્યાવસ્થામાંજ પડે છે, તો તે ધીરે ધીરે વિશેષ દૃઢ થઇ ભવિષ્યમાં અત્યંત હિતકારી થઇ પડે છે; અને જ્યારે તે મનુષ્ય સ્થિતીમાં આવે છે, ત્યારે બાલ્યાવસ્થામાં દૃઢ પણે પડેલા સંસ્કારો પ્રમાણે શુભ વર્તન કરે છે.

આથી બાલકોને નીતિ, ધર્મ ઇત્યાદીકના સંસ્કાર પાડવા સારૂ તેવાજ પુસ્તકો વિદ્યાભ્યાસમાં ચલાવવાની, તથા સામાન્ય રીતે ફુરસદ વખતે વાંચન તરીકે વંચાવવાની અગત્ય છે. જો તે પ્રમાણે કરવામાં આવે તો બાલકોને અધીક હીતકર થઇ પડે.

બાલકો મોટપણે સારાં અથવા ખરાબ નીવડે તેનો મૂખ્ય આધાર વ્યાલ્યાવસ્થાની કેળવણી તથા પડેલા સંસ્કારોજ છે. માટે બાલકોને નીતિ, ધર્મ ઇત્યાદિ સદુપદેશનાં પુસ્તકો વંચાવવાં જોઇએ.

એટલા માટે આ લઘુ પુસ્તક બાલકોનેજ વાસ્તે લખવામાં આવ્યું છે. રમત ગમતથી લખેલા રસીક બોધપાઠો, તથા મોઢે કરી શકાય એવી નાની નાની કવિતાઓ, અને નીતિ, ધર્મના નિયમોનો સમાવેશ કર્યો છે.

આ "બાલ સન્મિત્ર" એ નામના લઘુ પુસ્તકને બાલકો જો સમજીને વાંચે તો તેને જેમ મિત્ર હિતકારી ને મદદરૂપ થઇ પડે છે, તેમ આ પુસ્તક પણ મિત્રરૂપે સદાને માટે હિતકારી તથા મદદરૂપ અવશ્ય થશે.

" આપણા આર્ય બાલકો અત્યંત સદ્‌ગુણી, વિદ્વાન, અને હોંશીયાર, નીવડી પોતાને તેમજ સર્વને અત્યંત મદદરૂપ નીવડો એવી શ્રી હરિ પ્રત્યે પ્રાર્થના છે. "

(લેખક.)

માઘ શુકલ પક્ષ વસંતપંચમી. ૧૯૬૯

તા. ૧૧ ફેબ્રુઆરી ૧૯૧૩.

વડોદરા.

---:o:---

બાલકોના વડીલોને તથા શીક્ષકોને વિજ્ઞાપ્ત.

બા લકોનું મન એટલું બધું ચંચળ હોય છે, કે જે કંઇ જોયું હોય છે, અથવા તો જે કાંઇ સાંભળ્યું હોય છે, તે એકદમ ગ્રહણ કરે છે; અને તે વારંવાર સ્મરણમાં લાવી દૃઢ કરે છે; આથી બાલકોને ખોટી, નકામી, અને કાંઇ પણ હિત ન કરે, પરંતુ ભય અથવા શોક ઉપજાવે એવી નીરર્થક વાતો કહેવા કરતાં નીતિ, ધર્મ, હુન્નર, ઉદ્યોગ ઇત્યાદીકની વાતો કરી તેજ પ્રકારના સંસ્કારો પાડવા જોઇએ. આટલા સારૂ બાલકોના વડીલો તથા શીક્ષકોને વિનંતી કરવામાં આવે છે, કે આ પુસ્તક બાલક વાંચે ને પોતાની પાસે રાખી શકે, તેના કરતાં તમે તેમને પ્રસન્નતાથી બાલકની સાથે બાલક જેવા બની નમ્રતાથી વાંચી સંભળાવવું અગત્યનું છે. વળી તેમાં તેઓ શું સમજ્યા તે પૂછવું, અને કાંઇ સમજણ નહિ પડી હોય, તો બરાબર સમજાવી મનમાં ઠસા-

વવું જોઇએ. વળી જ્યારે બાલક રમે ત્યારે પણ આ પુસ્તક તેમના આગળ મુકી વારંવાર વંચાવવું, કે જેથી અંદરની નાની નાની કવિતાઓ અથવા નાના નાના બોધપાઠો મોઢે થાય; અને તેમાંના સદ્‌ગુણો શીખે. જો આમ કરવામાં આવે તો બાલકોને તેમાંના સંસ્કારો દ્રઢપણે સ્થપાઇ જાય, અને તેની અસર પણ સારી થાય.

જેમ ઘઉંના લોટને જેવો કેળવનાર હોય તેમ કેળવાય છે. કોઇ મહેનત લઇ ઉત્તમ કેળવનાર હોય તો પકવાન્ન બનાવે છે, કોઇ મધ્યમ કેળવનાર હોય છે, તો પુરી તથા રોટલી બનાવે છે, અને અધમ રીતે કેળવનાર હોય છે, તો મોટા ભાખરા બનાવે છે; તેજ પ્રમાણે બાલકોને પણ ઉત્તમ રીતે કેળવનાર હોય તો સાધારણ સ્થિતીનો થાય છે; અને અધમ કેળવનાર હોય છે, તો પશુ કરતાં પણ કનીષ્ટ સ્થિતીનો થાય છે. માટે બાલકોને ઉત્તમ રીતે કેળવી સર્વોત્તમ ચારિત્રવાન, વિદ્વાન, જ્ઞાનવાન અને હોંશીયાર બનાવવા એ ખાસ કરી તેમનાં વડીલો અને શિક્ષકોનું કર્તવ્ય છે, અને જો તેમ નહિ થાય અને બાલક દુરાચારી, મૂર્ખ, અજ્ઞાન રહે તો તેની જીં-

દગી બગાડનાર શત્રુ તથા દોષ પાત્ર વડીલો તથા શિક્ષકજ છે. બાળક તદ્દન નિર્દોષ છે.

" કુમળું ઝાડ વાળશો તેમ વળશે. "

અંતે વિજ્ઞપ્તિ એટલીજ કે બાલકોના વડીલો તથા શિક્ષકોએ બાલકોને વાસ્તે જે પરિશ્રમ લેવો પડે, તે લઇ આ પુસ્તકનો યથાર્થ સદ્ લાભ બાલકોને મળે એવું કરવું જોઇએ.

શ્રી ઇતિ ॥ લેખક.

પ્રિય બાલુડાંઓને પ્રેમના બે બોલ.

પ્રિય બાલકો ! આ લઘુ પુસ્તક તમે જોયું ? એ કેવું છે ?–ઘણુજ સારૂં લાગે છે કેમ ? વારૂં ત્યારે આ પુસ્તકનું ઓળખાણ પડે છે ? એ કોણ છે ? એ તમારો પુસ્તક રૂપે સદાનો સાચો મિત્ર છે ! જો તમે એ મિત્રની મિત્રાચારી કરશો તો તમને ઘણોજ સારો લાભ થશે.

વહાલાં બાલુડાંઓ ! પુસ્તક રૂપી મિત્રની મિત્રાચારી કરવી એટલે શું તે તમે જાણો છો ?–એનો

અર્થ એ છે કે—આ લઘુ પુસ્તકમાં જે લખેલું છે તે સમજીને વાંચવું; વળી પોતાની પાસે રાખી દર-રોજ વાંચી મનમાં સાર લેવો. જો એમાં કાંઇ સમ-જણુ પડતી નહિ હોય તો તમારા વડીલ અથવા શિ-ક્ષકને પૂછી સમજી લેવું. આવી રીતે કરવાથી ત-મને શું લાભ થશે તે તમે જાણો છો ? અરે ! એ પુસ્તકમાં જે નીતિ, ધર્મ વિગેરે સદ્‌ગુણો છે, તે ત-મારામાં આવશે; અને જેમ આ પુસ્તક નીતિ, ધર્મ આદી સદ્‌ગુણોથી ભરપુર છે, તેમ તમે પણુ નીતિ, ધર્મ આદી સદ્‌ગુણોથી ભરપુર રહેશો.

મારાં બાલ મિત્રો ! તમારે આ જગતમાં સદ્-ગુણુશાળી, વિદ્વાન, નિતિવાન, હોંશીયાર, અને ચા-લાક થવાની જરૂર છે. માટે એ સઘળું શીખવા આ તમારા સાચા મિત્રનો સંગ જરૂર કરજો. જો તમે એને તમારા પ્રાણુથી પ્રીય ગણી પાસે રાખશો, અને એમાંથી દરરોજ થોડો થોડો સાર લેશો તો એ તમને પ્રેમથી વિદ્યા, નિતિ, ધર્મ, આદી સદ્‌ગુણોનો પ્રસાદ આપશે, અને જગતમાં તમને સોના પ્રિય કરી દેશે.

વળી હે બાલક બંધુઓ ! આ લઘુ પુસ્તક ત-મારા બાલ મિત્રો કે જેમની પાસે નહિ હોય, તેમને

બતાવશો, વાંચવા આપશો. જો એમને વાંચતાં બરા-
બર ન આવડતું હોય તો તમે નવરાશના વખતે વાંચી
સંભળાવજો, અને જેવી રીતે તમે આ પુસ્તક રૂપી
મિત્રની મિત્રાચારી કરી છે, તેમ તેમને પણ મિત્રા
ચારી કરાવશો, કે જેથી સારા સદ્દગુણો શીખે માટે.
આટલું કાર્ય તમારે કરવાની ફરજ છે, એમ ધા-
રી કરશો.

આ "બાલસન્મિત્ર" એ પુસ્તક વાંચી સ-
મજી તેમાંનો સાર ગ્રહણ કરી સારા સંસ્કારો તમા-
રામાં દ્દઢ સ્થપાઓ, નિતિવાન, વિદ્વાન અને સદ્દગુણ-
શાળી થાઓ, અને આ પુસ્તક તમને મિત્ર રૂપે
સદાને માટે હિતકારી તથા મદદનીશ થઈ પડો એવી
શ્રી હરિ ॥ પ્રત્યે પ્રાર્થના છે.

॥ અસ્તુ ॥

બાલસન્મિત્ર.

બોધપાઠ ૧ લો.

પ્રભાતનું કર્તવ્ય.

વ્હાલાં બાલકો ! અહો ! પ્રભાત થયું ! જાગ્રત થાઓ ! જુઓ પેલા પંખીડાઓ કલ્લોલ કરી રહ્યાં છે ? સૂર્ય કીરણો વડે કેવું અજવાળું થઇ રહ્યું છે ! આ તમારો સન્મિત્ર તમને ઉઠાડવા આવ્યો છે, માટે ઉઠો ! ઉઠો ! જાગ્રત થાઓ !

અહો ! જાગ્યા ? વાહ ! તમારામાં વહેલાં ઉઠવાનો ગુણ ઘણો સારો છે.–"**દરેક બાલકે પ્રભાતમાં વહેલાં ઉઠવુંજ જોઇએ.**"

ચાલો હવે દાતણ કરી લ્યો. પણ દાતણ તમે એવું કરજો કે દાંત સાફ થઇ જાય, મોઢામાંની ખરાબ

મેલ અથવા કચરા રહે નહિ-"યાદ રાખજો કે દાંત અથવા મોઢું ખરાબ હોય છે તો રોગ પેદા થાય છે." માટે દાંતને સારી રીતે સાફ કરવા. દાતણ કરી રહ્યા હો તો શૌચ કરી આવો કે જેથી પેટનો મળ નીકળી જાય, અને શરીર આરોગ્ય રહે.

અહો! બાલ મિત્રો! હવે તો સ્નાન કરવાનો વખત થયો માટે તમે સ્નાન કરી લ્યો. તમારે સ્નાન એવી રીતે કરવું કે શરીર ચોખ્ખું થાય, મેલ સઘળો નીકળી જાય, અને આખું શરીર સ્વચ્છ, સુંદર, શોભીતું જણાય. સ્નાન કરતી વખતે શરીર ચોખ્ખું નહિ કરવાથી મેલ વધારે ને વધારે એકઠો થઈ શરીર ગંધાય છે; ફોલ્લા ગુમડાં, ખસ વીગેરે થાય છે ને કોઈ પણ પાસે ઉભું રાખતું નથી." વળી સ્નાન કરતી વખતે રડવું નહિ પણ ભગવાનનું નામ દેવું કે જેથી આપણું સારૂં થાય. ચાલો સ્નાન કરી રહ્યાં? અહો! આજ તો તમે રોજના કરતાં ઘણીજ સારી રીતે સ્નાન કર્યું. હવે તમારૂં શરીર ઘણું સ્વચ્છ અને શુશો-

મિત જણાય છે! વાહ, શાબાશ! એવીજ રીતે દરરોજ દાતણપાણી તથા સ્નાન કરજો.

પ્રિય બાલુડાંઓ! તમે સ્નાન કરી ચોખ્ખા થયા, તમારા બહારના શરીરને સારૂં બનાવ્યું; હવે શું કરશો?–વાહ! જે કરવાનું છે તે ખરૂં હવેજ કરવાનું છે. જેવી રીતે તમે બ્હારનું શરીર સારૂં કર્યું તેવી રીતે શરીરના અંદરના ભાગને દુર્ગુણરૂપી મળનો નાશ કરી આત્માનું સારૂં (કલ્યાણ) કરવું જોઇએ. માટે ચાલો આપણે નમ્રતાથી દીનપણે બેહાથ જોડી ધુંટણીયે પડી "પ્રભાતની પ્રાર્થના" કરીએ કે જેથી આપણાપર પરમેશ્વર રાજી થાય, પાપો બળી જાય, બહુ પુણ્ય પમાય, સુખી થવાય, વિદ્યાઆદી સદ્ગુણોનો આપણામાં વાસ થાય, અને આજના દીવસનાં સઘળાં કામો સફલ થાય.

પ્રભાતની પ્રાર્થના.

પ્રભુજી દયાળુ! અમે બાલ તમારાં રે (૨)

ચર્ણનમીને ગ્રહી શર્ણ તમારાં રે—પ્રભુજી.

બાલક સૌ અજ્ઞાન અમે છો, સદ્‌ગુણ જ્ઞાન કૃપાળુ તમે;

અમ જીવન કરો સુખરૂપ સદા, હણી દુર્ગુણ—
અજ્ઞાન અમારાં રે— પ્રભુજી.
સકલ જગતમાં વ્યાપક થઇને,
અમ અંતરના પટમાં રહીને;
આપો સન્મતિ-દુર્મતિ કાપી,
જેથી બને નિર્મળ મન સારાં રે— પ્રભુજી૦

પ્રિય બાલકો **આ પ્રાર્થના તમે હમેશ પ્રભાતમાં સ્નાન કરયા પછી કરજો.** હવે તમારે શું કરવાનું છે તે જાણો છો ?-**તમારાં પૂજ્ય માતપિતાને પગે લાગવાનુ છે.** માટે ચાલો આપણે આપણા પૂજ્ય માતપિતાની પૂજા કરીએ. આહા ? તમે ઘણીજ સારી રીતે માતપિતાની પૂજા કરી ને ઘણા સારા આશીર્વાદ સાથે કૃપા મેળવી ! વાહ, ધન્ય છે ! આ પ્રમાણે તમે હમેશ " પોતાનો કરવાનો ધર્મ છે " એમ જાણી કરશો, તો તમે અત્યંત સુખી થશો અને પરમાત્મા અત્યંત પ્રસન્ન રહેશે.

બોધપાઠ–૨ જો.

સરસ્વતિ સ્તવન.

કેમ બાલકો ! તમે જમી રહ્યાં કે ? જુઓ ઘડીયાળમાં સાડા દશ થયા છે, માટે ચાલો તૈયાર થાઓ, શાળામાં જવાનો વખત થયો. હમેશાં શાળામાં વખતસર જવાની ટેવ તમને સારી પડી છે. "**ખરૂં છે કે હરેક બાલકે શાળામાં હમેશાં વખતસર જવુંજ જોઈએ.**" વારૂં બાલકો ! શાળામાં જવા અર્થે ઘેરથી નીકળ્યા પહેલાં શું કરવું જોઇએ તે જાણો છો ?–આપણા પૂજ્ય માતપિતાને પગે લાગી તેમનો સારો આશીર્વાદ લઇ શાળામાં જવા નીકળવું જોઇએ, કે જેથી વિદ્યા જલદી આવડે.

ચાલો ત્યારે આપણે આપણા માતપિતાને પગે પડી શાળામાં જઇએ. અહો ! આ શાળા તો આવી પહોંચી, ખરૂં ? ચાલો અંદર દાખલ થઇ આપણા વર્ગમાં જઇએ. જુઓ આપણે વર્ગમાં આવ્યા, હવે શું કરવું જોઇએ ?" **વિદ્યાભ્યાસ શરૂ-**

કરતાં પહેલાં સરસ્વતિ માતાનું સ્તવન કરવું જોઇએ, કે જેથી આપણે વિદ્યા સારી અને જલદી આવડે ને સારી બુદ્ધિ મળે." માટે આપણે સર્વ બાલમિત્રો એકત્ર થઇ નીચેનું શ્રી સરસ્વતિ માતાનું સ્તવન ગીત પ્રેમથી લલકારીએ.

સરસ્વતિ સ્તવન.

વંદન કરીયે મા સરસ્વતિ,
આપો શુભમતિ ગતિ સુસંગતિ—
વંદન કરીએ૦

બાલક સર્વે અમો આપના, કરીએ એવી નમ્ર યાચના
વિદ્યા ધારિણી, વિઘ્ન વિદારિણી,
સહાય રહો દઇ જ્ઞાન ધૃતિ—વંદન કરીએ૦

વાહ! શાબાશ! ઘણુંજ પ્રેમથી તમે સરસ્વતી સ્તવન કર્યું! હવે તમને જરૂર વિદ્યા સારી અને જલદી આવડશે. સરસ્વતિ માતા પ્રસન્ન રહેશે. વારૂં બાલકો! આપણે સરસ્વતિ સ્તવન તો કરી રહ્યા પણ હજી કાંઇ કરવાનું બાકી છે, તે તમે જાણો છો?—



॥ श्री महासरस्वती प्रसन्नोऽस्तु ॥

જય જય જય શ્રી સરસ્વતી. તમ વિણ નાઠી જગતની ગતી.
વિદ્યા આપો ભૂષણ દાન. આપ કૃપા વિણ નાવે જ્ઞાન
નમી નમીને માગું એક. સદ્વિદ્યા દઈ રાખો ટેક.
મન કમળ મારામાં વસો. મનમાં પાપ ન આવે કશો.

(શ્રી. ગુ.)

તમારા પૂંજ્ય ગુરૂને નમસ્કાર કરી, ત્યારબાદ અભ્યાસ શરૂ કરવો જોઇએ. માટે ચાલો સાપણે આપણા પૂંજ્યગુરૂને નમસ્કાર કરીએ.—વાહ ! ધન્ય છે ! બાલકો ! તમે ગુરૂજીને ઘણીજ પ્રીતીપૂર્વક નમ્રતાથી અને પુજ્યભાવ લાવી નમસ્કાર કરયા ! **"હરેક બાળકે શાળામાં જઇ સરસ્વતી દેવીનું સ્તવન કરી પોતાના ગુરૂને નમસ્કાર કરવા જોઇએ."** બાળકો! ગુરૂજીને નમસ્કાર કરવાથી કેટલો બધો લાભ થાય છે તે કહું. જુઓ, સાંભળો;—ગુરૂજીને નમસ્કાર કરવાથી ગુરૂની આપણાપર કૃપા દ્રષ્ટી થાય છે, પ્રેમથી શીખવે છે, અને તે પ્રેમથી આપેલું શિક્ષણ તેમની કૃપાને લીધે જલદી જલદી આવડી જાય છે. અને છેવટે ગુરૂજી જેવાજ વિદ્વાન, ચારિત્રવાન, ને સદ્ગુણશાળી થવાય છે ! અહો કેટલો બધો લાભ થાય છે ! હવે તમે હમેશ શાળામાં જઈ પહેલાં સરસ્વતીદેવીનું સ્તવન કરી ગુરૂજીને નમસ્કાર કરજો, હો ?

બોધપાઠ. ૩ જો.

સૌની સેવા ઉઠાવનાર સેવકલાલ.

બાળકો કેમ તમે વિદ્યાભ્યાસ કરી પરવાર્યા ? જો એમ હોય તો આજે હું તમને " સૌની સેવા ઉઠાવનાર સેવકલાલ "ની વાર્તા કહું. તે ખાસ સાંભળવા લાયક છે, અને તેમાંથી તમને સારી શાખામણ મળશે. જ્યારે તમારી સાંભળવાની ઇચ્છા છે તો સાંભળો, હું કહેવાની શરૂઆત કરૂં છું.

એક સેવકલાલ નામે છોકરો હતો. તે તેના માબાપને તેમજ નાના મોટા સર્વને અત્યંત પ્રિય હતો, કારણ કે સૌની સેવા ઉઠાવવાનો તેનામાં સૌથી સારામાં સારો ગુણ હતો. પોતાના પર જે દુઃખ આવી પડે તે સહન કરી જેની હોય તેની પોતાનાથી થાય તેવી સેવા ઉઠાવતો હતો, ને કામ કરતો હતો. તે સવારનો ઉઠે ત્યારથી તે રાત્રે સૂવે ત્યાં સુધી પોતાના પૂજ્ય માતપિતાની જેમ બને તેમ વધારે ને વધારે

સેવા કરતો હતો. સેવકલાલ સવારમાં પોતાના માતપિતાના પહેલાં ઉઠી દાતણ પાણી કરી તથા નાહી લઇ પ્રભુ પ્રાર્થના કરી લેતો, અને જેવાં માતપિતા ઉઠે કે તરત તેમને દાતણ તથા પાણીનો લોટો આપતો. નાહવાની પણ ઘણીખરી તૈયારી કરી રાખતો. વળી તેમને સારૂ પૂજા કરવા વાસ્તે સર્વ સાધન પણ તૈયાર કરતો. જમવાની વેળાએ પણ પાણીના લોટા તથા પાટલા મૂકી સર્વ તૈયાર કરતો. તેના પીતાના કચેરીમાં પહેરી જવાનાં સર્વ કપડાં તૈયાર કરી શાળામાં જતો. રાત્રે પથારી પણ પોતે કરતો અને છેવટે સુવાની વખતે માતપિતાના પગ ચાંપી અથવા માથું દાબીને સૂઇ જતો. વળી તે પોતાના ભાઇ બ્હેનની પણ સેવા કરતો. તેમને જોઇએ તે લાવી આપતો. આ પ્રમાણે હમેશાં સેવકલાલ પોતાના માતપિતાની સેવા કરતો હતો.

બાલુડાંઓ ! સેવકલાલ પોતાના માતપિતા તથા ભાઇ બ્હેનની સેવા કરતો, એટલું જ નહિ, પણ બીજા બધાની સેવા કરતો હતો. તેના બે દાખલા આપુ છું તે સાંભળો.

એક દિવસ સેવકલાલ શાળામાંથી ઘેર જતો

હતો, તે વખતે રસ્તામા એક છોકરો પડી ગયો, અને તેને વાગ્યું ને લોહી નીકળ્યું. આથી સેવકલાલ તે છોકરાને નળપર લઇ જઇ જ્યાં લોહી નીકળ્યું હતું ત્યાં પાણીથી ધોઇ નાંખી અને બીજું સાધન પાસે ન હોવાથી તે ઘા ઉપર કાગળ ચોંટાડયો. પછી તે છોકરાનું દફ્તર ઉચકી લઇ તેને ઘેર મૂકી આવ્યો અને ત્યારબાદ પોતાને ઘેર ગયો.

વળી એક દીને સેવકલાલ રસ્તેથી જતો હતો તે વખતે એક માણુસ પોતાના ઘરમાં ત્રીજે માળે બારીએ ચોપડી લઇ ઉભો હતો, તેના હાથમાંથી ચોપડી પડી ગઇ, અને સેવકલાલના માથાપર પડી. આથી સેવકલાલને વાગ્યું ને ચમકી ઉંચું જોયું, એટલે તરત તે બારીયે ઉભેલા માણુસે સેવકલાલને તે ચોપડી ઉપર આપી જવા કહ્યું. આ સાંભળી સેવકલાલ પોતાના માથાપર ચોપડી પડવાથી વાગ્યું હતું તેની દરકાર નહી રાખતાં તરત તે ચોપડી તે માણુસને ત્રીજે માળેજઇ આપી આવ્યો.

આ પ્રમાણે સેવકલાલ જેની હોય તેની સેવા ઉઠાવતો હતો. આમ કરવાથી તે અત્યંત સુખી થયો, પરમાત્મા તેનાપર પ્રસન્ન થયા, પુષ્કળ વિદ્યા આ-

વડી, અને તેનું નામ "સૌની સેવા ઉઠાવનાર સેવક-લાલ" પ્રખ્યાત થયું.

પ્રિય બાળકો ! આ વાત પરથી અત્યંત બોધ લેવાનો છે. જેમ સેવકલાલે પોતાના માતપિતા, ભાઇ બ્હેન, સગાંવ્હલાં તથા સૌની સેવા ઉઠાવી તેવીજ રીતે તમે પણ સૌની સેવા ઉઠાવો જેનું હોય તેનું ભલું કરો. પરમાત્મા કહે છે કે "તમે **જો જગતમાં જીવોની સેવા ઉઠાવશો, તેમનું ભલું કરશો, તો તમારૂં પણ ભલું થશે, અને હું પણ ઘણોજ પ્રસન્ન થઇશ, ને તમને સુખી કરીશ.**" માટે હે બાળકો ! ચાલો આપણે આજથી સેવા ઉઠાવીએ આપણે સુખી થવા ઇચ્છીયે છીએ, પ્રભુ પ્રસન્ન રહે એવા ઉપાયો સાધીએ છીયે, અને વિદ્યાપણ સારી અને વધારે આવડે એવી આશા રાખીએ છીએ તો શા વાસ્તે આ લાભકારક કામ નહિ કરવું જોઇએ ? વળી જુઓ, બીજી શીખામણ એ લેવાની કે, જે વખતે પેલા ઘરના ત્રીજે માળેથી સેવકલાલના માથાપર ચોપડી પડી અને વાગ્યું છતાં ગુસ્સે થયો નહિ, અથવા ગાળ દીધી નહિ, અને તેના બદલામાં ચોપડી ત્રીજે માળે જઇ તે માણસને આપી આવ્યો એ કેવી સારી વાત ? કેવી સહનશીલતા ?

નમ્રતા ? અને કેવી પરસેવા ? વાહ ! બાલકો આપણે પણ એવીજ સહન શીલતા, તથા નમ્રતા રાખવી. ભલે કોઇ કદાચ ભૂલે ચુકે આપણને મારે અથવા કાંઇ નુકશાન કરે તો સહન કરવું પરંતુ કોઇના પર ઉપકાર કરવાનું, સેવા કરવાનું, તથા ભલું કરવાનું કદી ચુકવું નહી.

સૌ જનની સેવા કરો, આણી અંતર પ્રીત,
સેવા કરવાથી સદા, થાય આપણું હીત;
પરનું હિત કરવા થકી, ભલું આપણું થાય,
પ્રભુ સદા રાજી રહે, અતિશય સુખ પમાય.

બોધ પાઠ ૪ થો.

સાચું વદવા બોધ.

અહો ! બાલબંધુઓ ! તમે નજરે જુઓ છો કે ઘણાં માણસો દુઃખથી પીલાય છે, કેટલાક બોબડું બોલે છે, કોઇકની જીભ તોતડી હોય છે, વળી કેટલાક તદન મુંગાજ હોય છે. આનું શું કારણ હશે તે તમે જાણો છો ? કારણ માત્ર એજ કે તેઓ તદન જુઠુંજ બોલે છે. જગત કર્તાનો નિ. યમ છે કે "**જુઠુ બોલનાર સર્વદા દુખીજ રહે છે અને સાચું બોલનાર સર્વદા સુખીજ રહે છે.**" હાલના વખતમાં કોઇકજ બાળક એવું હશે કે જે સદા સાચું બોલતો હશે. આપણામાં સઘળા જુઠું બોલે છે. કેમ ખરૂં કે નહિ ? અને તેથી તેઓ દુઃખી થાય છે. હે બાલકો ! આપણો એવો નિયમ છે કે જરા જરા બાબતમાં જુઠું બોલી આપણા માત. પિતા, ગુરૂ અથવા વડીલને ખોટું સમજાવી છુટી જ. વું. આ નિયમ પ્રમાણે આપણે જે ચાલીયે છીએ તે

ઘણુંજ ખોટું છે અને અંતે દુઃખનું પરિણામ છે. માટે આજથી આપણે એવો નીયમ લ્યો કે જેમ બને તેમ સાચું બોલવું. આપણે દીવસમાં ઘણીજવાર જુઠું બોલીએ છીએ તેને બદલે હવે દીવસમાં દશ વખત સાચું બોલવાનો, બે દીવસ પછી પંદર વખત સાચું બોલવાનો અને એમ ધીરે ધીરે દીવસમાં વધારે વખત સાચું બોલવાનો અને જુઠું બોલવાનું–જેમ બને તેમ તદ્દન છોડી દેવાનો પ્રયત્ન કરીએ.

વ્હાલાં બાલુડાંઓ ! આજનો નવો નીયમ ઘણો જ સારો છે. અને એ પ્રમાણે સાચું બોલવાનો અભ્યાસ રાખીશું તો જુઠું બોલવાની ટેવ જતી રહેશે. આપણે એવું ધારીએ છીએ કે આપણા માતપિતા અગર શિક્ષક કાંઇ ગુન્હો થયો હોય તે પૂછે તો જો સાચું બોલીશું તો મારશે અને જુઠું બોલીશું તો મારમાંથી બચી જઇશું અને તેટલા કારણથી વારંવાર આપણે જુઠું બોલીયે છીએ પણ નહિ હવે ગમે તે બાબત હોય પણ સાચુંજ બોલીશું. ગુન્હો થયો હોય અને તે આપણા માતપિતા અગર શિક્ષક પૂછે તો સાચુંજ બોલીશું તો આપણને જરૂર છોડી દેશે પણ જો જુઠું બોલ્યા તો બમણો માર પડશે. હવે

ત્યારે આપણે નીશ્ચય તો એજ કર્યો કે સાચુંજ બો-લવાની ટેવ રાખવા.

આહા ! ખરૂં છે, કોઇ વિદ્વાન પુરૂષે એક ઠેકાણે કહ્યું છે કેઃ—

(ધીમા ધીમા ચાલોને મારા પ્રાણ રે—એ રાગ.)

તમે સાચું બોલો મારા ભાઇ રે,
સત્ય તપતો આ વિશ્વે ગણાતું મોટું;
વદશો ન ખોટું માટે કાંઇ રે—તમે૦
અમર થયું સત્યે જુઓ હરિશ્ચંદ્રનું નામ,
ધન વૈભવ અનવધિ મળ્યાં, મળ્યું સ્વર્ગનું ધામ;
સત્ય તુલ્યે ન આવે એ ચિંતામણી,
સ્વર્ગનું કલ્પ વૃક્ષ કે પારસમણી;
બોધ રહાઇ રે—તમે૦

(શ્રી છો૦)

બોધ પાઠ ૫ મો.

તમે કેવી રીતે રમત રમશો ?

કેમ બાલકો ! તમે વિદ્યાશાળામાંથી છુટયા ? ચાલો હવે ઘેર જઈએ. આપણા માતપિતા જે કાંઇ ખાવાનું આપે તે ખાઇ રમવા જઇએ. વારૂં પણ આપણે કયા ઠેકાણે રમવા જઇશું ? આહાહા ! પેલી ખુલ્લી જગામાં રમવા જઇશું; કેમકે ખુલ્લી જગામાં રમવાથી સ્વચ્છ હવા મળે છે અને સ્વચ્છ હવા મળવાથી શરિર ઘણું સારૂ થાય છે, ને જે કાંઇ રોગ હોય છે તે નાશ પામી આરોગ્યતા મળે છે; માટે ચાલો આપણે તે ખુલ્લા મેદાનમાં રમવા જઇએ.—ઓહો ! આપણે ખુલ્લા મેદાનમાં આવી તો પહોંચ્યા, પણ હવે કેવી રમત રમીયે ? આહા ! ખરૂં, ખરૂં, પ્રિય બાલમિત્રો ! આપણે એવી રમત રમવી જોઇએ કે જેથી આપણાં શરિરને મન કેળવાય.

પ્રિય બાલુડાઓ ! તમે જાણો છો કે એવી બીજી ઘણી રમતો છે કે જેથી આપણે નુકશાન થાયછે.

ઘણા બાલકો ભમરડાની રમત રમે છે અને તેથી તેમને કેટલીવાર ભમરડો વાગે છે ને લોહી નીકળે છે. કેટલાક પાના, બાજી રમે છે અને તેથી તેઓ જુગાર રમતા શીખે છે; કેટલાક લખોટી અથવા પેનની રમત રમે છે અને તેમાં ચોરી કરતાં શીખે છે;વળી પતંગના દીવસોમાં બાળકો પતંગ ઉડાવે છે અને તેથી કેટલાક ઉંચી અગાસીમાંથી કે છાપરેથી પડી જાય છે, કોઈ કોઈ રસ્તામાં પણ અથડાઈ પડે છે ને વાગે છે; દીવાળીમાં ફટાકા ફોડવાની જે રમત રમે છે તેથી બાલકો દાઝે છે, ને બળી મરે છે. આવી આવી ઘણી જાતની રમતો છે કે જેથી પોતાને તેમજ બીજાને નુકશાન થાય છે, વાગે છે, સદ્‌ગુણને બદલે દુર્ગુણ શીખાય છે અને આપણા માતપિતાના પૈસાનો ખોટે માર્ગે ઉપયોગ થાય છે. માટે હે બાલબંધુઓ ! **આપણે એવી રમત રમીશું કે જેમાં ગમ્મત સાથે શીખામણ મળે, આરોગ્ય મળે, બાળમિત્રો વચ્ચે સ્નેહ વધે, આનંદ થાય અને શરિર તથા મન કેળવાય.**

વળી હે આર્ય બાળો ! આપણી ટોળીમાં સઘળા ડાહ્યા અને શાણા બાલકોજ રાખીશું કારણકે તોફાની અને મૂર્ખ હોય છે તો તેમાં પરસ્પર લડ-

વાડ થાય છે, મારામાર થાય છે, ખરાબ ગાળો દેવાય છે, કજીયો કંકાશ થાય છે અને છેવટે કુસંપ પણ થાય છે.

માટે આપણે એવા તોફાની અને મૂર્ખા બાલક સાથે નહી પણ ડાહ્યા, શાણા, અને બુદ્ધિશાળી બાલકો જોડેજ રમીશું.

બોધ પાઠ ૬ ઠો.

એક મૂર્ખ બાલકની મૂર્ખતા.

ઓ હો ! પ્રિય બાલમિત્રો ! કેમ આનંદમાં તો છોને ? વાહ ! ઘણુંજ સારૂં. શું કરો છો ?–હું ધારૂં છું કે આજે તમારે રવિવારની રજા છે માટે સર્વ એકત્ર મળી વાત કહેવા ધારી હશે કેમ ? ત્યારે હું પણ એક વાત કહું તે સાંભળશો ? જેવી મેં તે દીવસે " સૌની સેવા ઉઠાવનાર સેવકલાલ " ની વાત કહી હતી—

તેવી આજે હસવા જેવી અને બોધદાયક "એક મૂર્ખ બાલકની મૂર્ખતા " ની વાત કહું છું. જુઓ

ધ્યાન દઈને સાંભળો હોકે ? ધીરે ધીરે વાત કરીશ, સમજ્યાં ?

તમારી જેટલી ઉમરનો મુર્ખદાસ નામનો બાળક હતો. તેનામાં મૂર્ખતા ઘણીજ હતી. જરા પણ સદ્ગુણ હતા નહી. હંમેશ ધુલમાં તથા કાદવમાં રમવાની કુટેવ પડી હતી. સવારથી સાંજ સુધી રડવાનું વાજું વગાડ્યા કરતો હતો અને ખડબુચા જેવું મોઢું રાખતો હતો. એને ખાવાની ટેવ બહુ હતી. રસ્તામાં ગાય કુતરા તથા ભીખારીનું ખાવાનું ખાઇ જાય, કાચું અનાજ ચાવી ખાય, લોટના ફાકા મારે ઘરમાં નુકશાન કરે, દાણાના માટલાઓ ફોડી નાખે, અનાજ એકઠું કરી નાંખે, કાંઇ ઢોળી નાંખે, વેરી નાંખે, ફોડીનાંખે. પહેરવા આપેલા કપડાં ફાડીનાંખે, ધુળમાં બગાડી ગમે ત્યાં ફેંકી દે, એના માબાપ નિશાળે ભણવા મોકલે ત્યારે ચોપડીઓ ફાડીનાંખે તેમ કાગળની હોડી, ચશ્મા, ખડીઓ વીગેરે ચીજો બનાવી રમે, સ્લેટ ફોડીનાંખે. આવા પ્રકારના ઘણાજ દુર્ગુણો હતા. કોઇ બાળક એની પાસે રમવા જાય તો તેને પણ ધુળધોયો કરી નાંખે. મૂર્ખદાસ જ્યારે મોટો થયો અને કાંઇપણ ભણ્યો નહિ ત્યારે એના બાપે

નોકરી કરવા સારૂ ગાંધીની દુકાને મૂકયો. ત્યાં તે દુકાનમાંથી ખાંડ, શાકર, એલચી વીગેરે ખાવાની ચીજો ખાઇ જાય, દુકાનમાંનો માલ બગાડી નાંખે અને માટલીઓ ફોડી નાંખે. ગાંધીએ આવું કરતો જોઇ મૂર્ખદાસને મારી કાઢી મૂકયો. પછી એના બાપે કાપડવાળાની દુકાને મૂકયો. ત્યાં પણ તે કાતરવતી કાપડ ફાડી નાંખે, ગજથી જેને તેને મારે, કાપડની ઘડી એઠા એઠા ઉકેલી નાંખી, ચોળીને બગાડી નાંખે, વળી કોઇ વખતે કાપડને પણ દીવાસળીથી સળગાવે. આવું જોઇ કાપડવાળાએ પણ કાઢી મૂકયો. વળી ફરીથી એના બાપે કંદોઇની દૂકાને મૂકયો. ત્યાં પણ તે મીઠાઇ ખાઇ જાય, ફેંકી દે, ઘી ઢોળી નાંખે, ને પોતાના ગજવામાં મીઠાઇ ચોરી લઇ જાય. આવું જોઇ કંદોઇએ પણ મારમારી કાઢી મૂકયો. પછી ચાહની દૂકાનપર એના બાપે મૂકયો ત્યાં પણ ચાહ વારંવાર પીએ, કોઇ ચાહપીવા આવ્યું હોય તેને ઉછાછળાથી ચાહનો પ્યાલો આપી તેમના કપડાપર ચાહ ઢોળી કપડા બગાડે, બીસ્કીટ ઉછાળે ને તેને બોલની માફક ફેંકે, વળી ચાહનો બંબો ઓલવી નાંખી બંબામાંનું પાણી ઢોળી

નાંખે, ચાહનું દુધ પીજાય, ખાંડ ખાઇ જાય, રકાબી પ્યાલા ફોડી નાંખે. આથી ચાહવાળાએ પણ મારી કાઢી મૂક્યો. મૂર્ખદાસને જ્યાં જાય ત્યાં પોતાની મૂર્ખતાને લીધે બધા મારીને કાઢી મૂકે અને કોઇ પણ નોકરીએ રાખે નહિ. છેવટે તે રખડતા ઢોરની માફક રહ્યો. થોડાક વખત પછી તેનાં માબાપ મરી ગયા ને મૂર્ખદાસ નિરાધાર બની ગયો. કોઇનો પણ આધાર મળ્યો નહિ. કોઇ પણ એને ખાવાપીવાનું ઓઢવાપહેરવાનું કાંઇ પણ આપે નહિ. આથી તે ભૂખે તરસે દુઃખી થવા લાગ્યો. રોગથી પીડાવા લાગ્યો અને છેવટે શરિર તદન ખરાબ થઇ ગયું ને કોવાઇ ગયું. કોઇ ઓટલાપર પણ સુવા નહિ દે, ને કુતરાની માફક હડેધુત કરીને કાઢી મૂકે અંતે મૂર્ખદાસ દુઃખથી પીલાઇને મરી ગયો.

અહો બાલકો ! મૂર્ખદાસની કેવી મૂર્ખતા ? આવું બાલક કોઇને ગમશે ? નહીજ ગમે. ડાહ્યું બાલક સૌને ગમે. જુઓ મૂર્ખદાસ બાળપણમાં કાંઇ શીખ્યો નહિ, ડાહ્યો થયો નહિ, સદ્‌ગુણી બન્યો નહિ, તો તેને મોટપણમાં દુઃખ વેઠવું પડયું, પોતાની મૂર્ખતાને લીધે સર્વથી ફીટકાર પામવું પડયું. માટે બાલુડાઓ આ

વાતપરથી શિખામણ આપણે લેવાની કે બાળપણમાં જેમ અને તેમ જલદી શીખવું, ડાહ્યા બનવું, સદ્ગુણો શીખવાં, સૌની સાથે સ્નેહથી વરતવું. વહાલા બાળકો ! આપણે બાળપણમાં જેવું શીખીશું તેવુંજ મોટપણમાં કાયમ રહેશે. સારૂં શીખીશું, ડાહ્યા બનશું, સદ્ગુણશાળી થઇશું તો મોટપણે સારા, ડાહ્યા, અને સદ્ગુણી રહીશું, અને સૌમાં માન, કીર્તિ, તથા આબરૂ વધશે.

માટે વ્હાલાં બાલુડાંઓ ! ચાલો આપણે આજથીજ વધારે વધારે જલદી સારૂં શીખવા, ડાહ્યા બનવાને, સદ્ગુણી થવા પ્રયત્ન કરીએ કે જેથી આગળ સુખી થવાય.

બોધ પાઠ–૭ મો.

૭ શત્રુઓનો સંહાર.

હો આર્ય બાલકો! આ બોધપાઠનું મથાળુ વાંચ્યું? શું લખ્યું છે? "૭ શત્રુઓનો સંહાર." એટલે શું? એનો અર્થ જાણો છો? તમને એમ લાગતું હશે કે શું આપણે લડાઇ કરી ૭ શત્રુઓ મારવાના છે? હા પણ તેમજ છે. આપણે શત્રુઓને મારવાના છે. બાલકો આ ૭ શત્રુ કહ્યા તે તમને જણાવું. આપણા શરીરમાં ક્રોધ–લોભ–આળસ– ઇર્ષ્યા–અભિમાન અને ચોરી એ ૭ શત્રુ રહે છે તેને મારી નાશ કરવાનો છે. આ ૭ શત્રુઓ આપણું અત્યંત નુકશાન કરે, દુઃખ આપે અને સદ્‌ગુણ રૂપી ખજાનો લુટી લે એવા છે.

જુઓ ક્રોધ એ પહેલો શત્રુ છે. આપણામાં ક્રોધ વ્યાપી રહ્યો છે. જરા કાંઇ અવળું પડે છે, ના ગમતું થાય છે એટલે તરત ક્રોધ ઉત્પન્ન થાય છે. આપણે મરાવે છે. છેક મારામારી તથા કાપાકાપી કરાવે છે, અને આપણે વગર મોતે મરાવે છે.

લોભ બીજો શત્રુ છે. તે ચામડુ જુની માફક આપણી સાથે વળગેલો છે. આપણે આપણા માબાપ એક દીવસ પૈસો આપે છે તો બીજે દીવસે લોભ બે પૈસા મંગાવે છે. ત્રીજે દીવસે ચાર પૈસા મંગાવે છે, અને જ્યારે આપણા માતપિતા માગ્યા મુજબ પૈસા નથી આપતા ત્યારે લોભ ચોરી કરાવે છે, આપણી આબરૂ કોડી સરખી કરાવી દે છે, અને લોકમાં હલકા પડાવી દે છે.

આળસ ત્રીજો શત્રુ છે. તે માછલાની જાળની માફક આપણા શરીરમાં પથરાઇ ગઈ છે. તે કંઈ કામ કરવા દેતી નથી, વિદ્યાભ્યાસ પણ કરવા દેતી નથી, એ ખુબ ખવડાવે છે, સુવડાવે છે, અને છેવટે મહારોગી બનાવે છે. આપણે નિયમમાંથી તોડાવે છે, સારાં કરવાનાં કામો ભાંગી પાડે છે અને ભારે પથરા જેવા કરી દે છે તે એવા કે આપણે ઉઠતા, ચાલતા, હરતા, ફરતા, લખતાં, વાંચતાં, અથવા કાંઇ પણ કરતાં અત્યંત કંટાળો આવે છે.

ચોથો શત્રુ ઇર્ષ્યા છે. આ પણ વીછીંના આંકડાની માફક આપણામાં વળગી રહી છે. કોઇનું કંઇ

સારૂં થાય તે જોવા દેતી નથી, કોઇ બાલક વિદ્યાભ્યાસ ઘણોજ સારો કરતો હોય તે પણ જોવા દેતી નથી, પણ ઉલટું તેને અભ્યાસમાંથી પાડવાનો પ્રયત્ન કરાવે છે, સુખી ને દુખી કરી નાંખવાનો વિચાર કરાવે છે અને છેવટે આપણે પણ દુખમાં નાખે છે.

અભિમાન પાંચમો શત્રુ છે. તે આપણામાં અજગરની માફક લાંબો પડેલો. જરા કાંઈ વિદ્યાભ્યાસ સારો આવડે કે તરત તે જાગ્રત થાય છે, કાંઈ સદ્‌ગુણશાળી થયા, કાંઈ હુન્નર ઉદ્યોગ આવડયો, કાંઈક માતપિતાએ અથવા શિક્ષકે આપણાં વખાણ કરયા, કે તરત અભિમાન ઉત્પન્ન થાય છે. જે કાંઈ (વિદ્યા, સદ્‌ગુણ, ડહાપણ, હુન્નર, કળા) હોય છે તેનો નાશ કરી નાંખે છે, મૂર્ખાં બનાવી દે છે, અને સુખીને બદલે દુખી કરે છે.

ચોરી છઠ્ઠો શત્રુ છે. તે આપણામાં બીલાડીની માફક છુપી રીતે રહી અને લાગ આવે છે, ત્યારે આપણી પાસે ચોરીનું કામ કરાવે છે. કંઇક ખાવાનું, પૈસા અથવા ચીજ છુટી પડી હોય તો લેવા લલચાવે છે. જ્યારે કોઇ પૈસા ખર્ચે છે ત્યારે આપણે પણ પૈસા ખરચવાનું મન થાય છે અને તે આપણી પાસે હોતા

નથી ત્યારે ઘરમાંથી માત પીતાના કહ્યા વગર અથવા કોઇના ગજવામાંથી છુપી રીતે લેવડાવે છે. આવી રીતે આપણી પાસે ચોરીનું કામ કરાવી દુઃખમાં નાંખે છે.

હે ! બાલમિત્રો ! આ છ શત્રુઓનો પ્રતાપ કેવો છે તે જાણ્યો ? માટે આપણે આજથીજ એક પછી એકનો ધીરે ધીરે સંહાર કરીએ. જો આ છ શત્રુઓનો સંહાર કરીશું તો આપણામાં વિદ્યા, સદ્ગુણ, ડહાપણ રૂપી ખજાનો કાયમ રહેશે, અને દીવસે દીવસે એ ખંજાનામાં વધારો થયા કરશે, પણ જ્યાં સુધી ક્રોધ–લોભ, આળસ, ઇર્ષ્યા, અભિમાન અને ચોરીનો નાશ કરીશું નહી ત્યાં સુધી સર્વ નકામું છે માટે બાલુડાંઓ ! ચાલો તૈયાર થઈએ ને હવે આ છ શત્રુઓ સંહાર કરવાને પ્રયત્ન કરીએ.

છાંડો ખોટા છંદને, તાંડો મનને નિત;
માંડો ડગ સમજી સદા, ગ્રહો સુજનની રીત.–૧
સ્વધર્મ પ્રીતે પાળીને, બાળો મનના દોષ,
ખાળી દુર્બુદ્ધિ તમે, રહો સદા સંતોષ. -૨
સાધો શુભકર્મો દિને, બાંધો સ્નેહ સૌ સાથ,
આરાધો હરિ પ્રેમથી, લહો સુનીતી ભાત, –૩

બોધપાઠ ૮ મો.

સુસંગ સુખનું મુળ છે.

વ્હાલાં બાલ મિત્રો! ધન્ય છે તમને! તમે હવે ઘણું સારૂં શીખવા લાગ્યાં અને ઘણાં સદ્ગુણથી વરતવા લાગ્યાં! બોલો બાલુડાંઓ આ બધો કોનો પ્રતાપ? માત્ર " **બાલસન્મિત્રનો.** " કારણ કે તમે એવા સારા બાલકનો સંગ કર્યો છે માટે. જો તમે કોઈ એવા મૂર્ખા, ઉદ્ધત બાલકનો સંગ કર્યો હોત તો તમે મૂર્ખા અને ઉદ્ધત બનત. તમે પેલી કહેવત જાણો છો કે " સંગ, તેવો રંગ, સોબત તેવી અસર " **જેવા ગુણનો બાલક હોય તેવાજ ગુણો તેની સાથે સોબત કરવાથી આપણામાં આવે છે.** તમે જુઓ છો કે પારસમણીના સંગમાં કોઇ પણ વસ્તુ આવે છે તે સોનું થઇ જાય છે, અને કોયલાની સંગમાં જે વસ્તુ આવે છે તે કાળી થાય છે. માટે હે સદ્ગુણી બાલમિત્રો! આપણે પારસમણિ જેવા બાલકો કે જેનામાં સદ્ગુણો, વિદ્યા, નીતિ, ધર્મ, હુનર કળા આદિ હોય

તેવાનો સંગ કરવો, કે જેથી આપણે તેના જેવાજ થઈએ. પણ જો કોયલા જેવા બાલકો કે જેનામાં દુર્ગુણો, મૂર્ખતા, ઉદ્ધતાઇ, આદી હોય તેવાનો સંગ કરીશું તો તેના જેવાં ખરાબ થઈશું, માટે આ પરથી એ વાત નક્કી થઇ કે "**સારાનો સંગ કરવાથી સુખ મળે છે.**" જો આપણે ખરાબનો સંગ કરયો હોય, તો તે છોડી સારાનો સંગ તરત કરી દેવો, કે જેથી સુખી થવાય.

બાલકો ! આ સુસંગ વિષે તમને એક દ્રષ્ટાંત આપું છું કે એક બાલકને માત્ર થોડો વખત સારા બાલકનો સંગ થવાથી કેટલો બધો સુખી થયો છે.

મોહન નામનો એક છોકરો હતો. તે બહુ લુચ્ચો, જુઠો અને અપ્રમાણીક હતો. તેને ત્યાં એક દીવસે પોતાના કાકાનો છોકરો સુમન ગામથી આવ્યો હતો. સુમન ઘણો સારો, ડાહ્યો, વિદ્વાન નીતિવાન, ધર્માનુરાગી, સદ્‌ગુણશાળી અને ઉદ્યમી હતો. જે કોઇ એના સંગમાં આવે તે જરૂર સુખી થાય. અલ્પ બુદ્ધિવાળો મોહન સુમનના સંગમાં આવ્યો છે. સુમન તેને ઘણી સારી શીખામણો આપી મોહનને સત્યમેવ જયતિ વિષે સુબોધ કરી, સત્ય બોલવાનો નિશ્ચય કરાવ્યો, લલચાઇ જઇ કોઇ પણ ચીજ લેવાની ઇચ્છા કરવી

નહિ એવો નિયમ લેવડાવ્યો, અને એ શિવાય ઘણા પ્રકારના દુર્ગુણ જે મોહનમાં હતા તે દૂર કરયા. સુમન માત્ર બેદીવસ મોહનને ત્યાં રહી પોતાને ગામ ચાલ્યો ગયો. હવે મોહન મોટો થયો એટલે એક શેઠને ત્યાં નોકરીપર રહ્યો.તે શેઠની રીત એવીહતી કે જે કોઇ નવો નોકર આવે તેની કસોટી કરી જોઈ, જો સાચો અને પ્રમાણીક નીવડે તો રાખતો હતો. એ નિયમ મુજબ શેઠ મોહનની કસોટી કરવા માંડી. એક દીવસે શેઠે મોહનને કહ્યું કે, મોહન આજે આપણે ત્યાં એક વેપારી આવે તો તેને કહે જે કે શેઠ નથી, ગામ ગયા છે કારણકે આપણી પાસે રૂપીયા માગે છે, અને રૂપિયા હાલ નથી માટે આ પ્રમાણે કહી વિદાય કરજે, હું ત્રીજે માળે સૂઇ જાઉં છું. મોહને આ સાંભળી શેઠને કહ્યું શેઠ શ્રી આપ મને નકામી બાબતમાં જુઠું બોલવાનું કહો છો એ પાપનું કામ છે. હું એને એમ કહું તો નહિ ચાલે કે, હાલ શેઠ શ્રી પાસે રૂપિયા નથી, માટે મહેરબાની કરી બે દીવસ પછી આવજો. શેઠ ત્રીજે માળે ઉંઘે છે માટે ઉંઘમાંથી ઉઠાડી ઉંઘ ખરાબ કરવી તે ઠીક નહી. આ પ્રમાણે નમ્રતાથી કહીશ તો તે ચાલ્યો જશે. પણ જુઠું બોલતાં તો મારી જીભ નહી ઉપડશે. શેઠ

કહ્યું સારૂં જા એમ કરજે પણ મારી પાસે નહિ આવે તેમ કરજે.

આમ કહી શેઠ ત્રીજે માળે સુવા ગયા.

વળી બીજે દીવસે શેઠે ટેબલમાં છુટા પૈસા, અને એક ખૂણામાં સોનાની વીંટી નાંખી આખું ઘર મોહનને સોંપી બજારમાં ગયા. મોહને પેલી વીંટી ખૂણામાં પડેલી જોઇ લેવા ઇચ્છા થઇ પણ તરત વિચાર થઇ આવ્યો કે અરે ! મને પેલા સુમને કહ્યું હતું કે કોઇ પણ ચીજ જોઇ લલચાઇ લેવા ઇચ્છા કરવી નહિ તો શામાટે લેવી જોઇએ. એમ વિચારી તે વીંટી કબાટમાં મૂકી તાળું મારયું. પછી ટેબલમાં પેલા પૈસા જોયા તે છુટા પડેલા જોઇ કબાટમાં મુક્યા. થોડીવાર પછી શેઠ આવ્યા અને વીંટી જોવા માંડી પણ તે જગાએ હતી નહી, ને ટેબલમાં પૈસા જોયા તે પણ હતા નહિ. હવે શેઠે મોહનને પુછ્યું " મોહન મેં તને ઘર સાચવવા મૂકયો હતો તે તેં બરાબર સાચવ્યું હોય એમ લાગતું નથી કારણ કે પેલા ખૂણામાં એક સોનાની વીટી હતી, અને ટેબલમાં છુટા પૈસા પડેલા હતા, તે નથી માટે કયાં ગયાં ? મોહને કહ્યું શેઠશ્રી તે વીંટી આપ છુટી નાંખી અને પૈસા પણ ટેબલમાં છુટા મૂકી ગયા હતા

તે મેં સાચવીને પેલાં કબાટમાં મૂકી રાખ્યા છે. આ સાંભળી શેઠે જોયું અને નીશ્ચય થયો કે મોહન સાચો અને પ્રમાણીક છે પછી શેઠે પૂછયું અલ્યા મોહન! તું બહુ લુચ્ચો, ઉદ્ધત અને ગડીયો હતો તે આટલો બધો સાચો પ્રમાણીક અને વિવેકી શી રીતે બન્યો? મોહને કહ્યું શેઠશ્રી થોડાક દીવસ ઉપર મારે ત્યાં મારા કાકાનો છોકરો સુમન આવ્યો હતો તેણે મને સારી શીખામણ દીધી હતી, અને માત્ર બે દીવસના સુસંગમ હું તેની પાસેથી આટલું બધું શીખ્યો છું. શેઠ બોલ્યા એમ? શાબાશ, હું તને સારો પગાર આપું છું, ને મારા છોકરા માફક રાખી સો વાતે સુખી કરીશ.

જોયુ વહાલાં બાલુડાંઓ! સુસંગની કેવી ખુબી છે? મોહન જેવો દુર્ગુણી હતો તેવો માત્ર થોડા વખતના સુસંગમાં સદ્ગુણી બની ગયો અને આખી જીંદગી સુખી થયો. માટે આપણે સારા બાળકોનો સંગ કરવો જરૂરનો છે.

બોધપાઠ ૯ મો.

મહાત્મા ગૌતમ બુદ્ધ અને ચત્તા માનવકની વાર્તા.

આ લેકો ! સાંભળો ? હું એક તમને ઘણા લાંબા વખતપર બનેલી વાતા કહુ છું. તે વાર્તા તમને ઘણુંજ બોધદાયક તેમજ ચમત્કારીક લાગશે.

લગભગ અઢી હજાર વર્ષ પૂર્વે બનારસની આસપાસના એક ગામમાં **ચત્તા માનવક** નામનો બાળક રહેતો હતો. તે વખતે એવો રીવાજ હતો કે બાળક આઠ નવ વરસનું થાય એટલે માબાપનું ઘર છોડી વિદ્યાભ્યાસ માટે ગુરૂને ઘેર રહેવું પડતું હતું. તે રીવાજ પ્રમાણે ચત્તા માનવક આઠ નવ વર્ષની ઉમ્મરનો થયો ત્યારે પાસેના બીજા ગામમાં ગુરૂને ઘેર વિદ્યાભ્યાસ કરવા રહ્યા. ત્યાં ગુરૂની પાસે વિદ્યાભ્યાસ કરી તે ઉપરાંત ગુરૂની સર્વ પ્રકારે સેવા કરતો, અને જ્યારે કંઇ તહેવારનો દીવસ હોય ત્યારે ચત્તા માનવક પોતાને ઘેર માત પિતાને મળવા આવતો અને મળી પાછો ચાલ્યોજ તો તેના. માત પિતા

પૈસાદાર હોવાથી ગુરૂને ભેટ અર્થે સોનાના શીક્કા-ની કોથળી આપતા તે લઇ ચત્તા માનવક જતો. કારણ કે તે વખતે હાલની માફક પૈસા માટે વિદ્યા અને જ્ઞાન વેચવાનું કામ બહુ અપવિત્ર ગણાતું હતું.

ચત્તા માનવક ઘણોજ ભલો બાલક હતો; અને પોતાનો વિદ્યાભ્યાસ ઘણીજ ખંતથી કરતો હતો. તે ઇશ્વર ભક્તિના ઘણા શ્લોકો તથા ભજનો મોઢે કરતો અને રામાયણમાંના **રામ** તથા **હનુમાન** વીગેરે સૂરવીર અને પરાક્રમી પુરૂષોના ચરિત્રો જાણતો હતો. આ વખતે બનારસની નજીકના ગ્રામમાં એક મહા પ્રતાપી મહાત્માં ગૌતમ બુદ્ધ રહેતા હતા. તે રાજ-કુમાર છતાં વૈરાગ્ય પદ ધારણ કરી માત્ર પીળો ઝભ્ભો પહેરી ભીક્ષા લાવી ખાતા હતા. તેમની ભવ્ય મુખાકૃતી ઘણીજ સુંદર, આકર્ષક અને પ્રેમથી ભરપુર હતી. તે મહાત્મા લોકોને નમ્ર, ઉદાર, તેમજ દયાળુ થવું, જીવતા પ્રાણીને કાંઇ પણ નુકશાન નહિ કરવું, તથા સત્ય બોલવું, એવો સદ્બોધ આપતા હતા. વળી તે મહાત્મા મહા સિદ્ધીવાળા હતા, ભૂત ભવિ-ષ્યની સર્વ હકીકતો જાણતા હતા અને દરેક અધિ-કારી માણસને મદદ કરતા હતા.

એક દીવસે મહાત્મા બુદ્ધે સવારમાં પોતાની

દીવ્ય દ્રષ્ટીથી જોયું કે આજે કોઇને મદદ કરવાની જરૂર છે, અને તે આપણી વાર્તા માંહેનો ચત્તા માનવક હતો. ગૌતમ બુદ્ધ જાણતા હતા કે ચત્તા માનવક પોતાના પ્રારબ્ધ કર્મના યોગે તુરત મરણ પામવાનો છે, અને તે પણ રસ્તે જતાં નિર્જન સ્થાનમાં લુટારા લોકો સોનાના શીક્કા માટે તેનાપર તૂટી પડી તેને મારી નાંખશે. બાલકો! તમે જાણો છો કે ચત્તા માનવકના બહારના દેખાતા શરીરનો લુંટારાઓ નાશ કરશે પણ અંદરના આત્માનો નાશતો નહિજ કરી શકે.

હવે ગૌતમબુદ્ધે વિચાર કરયો કે ચત્તા માનવકનું મૃત્યુ થાય ત્યારે તેનામાં ઉત્તમવાસના હોવી જોઇએ કે જેથી તેની સદ્ગતિ થાય. આ વિચાર પ્રમાણે ગૌતમબુધ્ધે ચત્તા માનવકને બોધ આપવાની મદદ કરવાનું ધાર્યું.

એક દીવસે સાંજના જ્યાં ગૌતમ બુદ્ધ લોકોને બોધ આપતા હતા, ત્યાં પ્રારબ્ધના યોગે ચત્તા માનવક આવ્યો ને લોકોના ટોળામાં ઉભો રહી બોધ સાંભળતો હતો. તેને બોધમાં જે કહેવામાં આવ્યું તેનો કેટલોક ભાગ ધ્યાન દઈ સાંભળી લીધો; ને જ્યારે બોધ પુરો થયો ત્યારે જેમ બીજા લોકો જતા રહ્યા તેમ તે ચાલ્યો નહિ જતાં ત્યાંજ ઉભો રહ્યો. ને ગૌતમ બુદ્ધ-

ની પ્રેમાળ આંખો તરફ જોઇ પાસે જવા લાગ શો-ધતો હતો. તેમ કરતાં મહાત્મા બુધ્ધે એક બે વખત તેની તરફ એવા પ્રભાવથી જોયું કે યત્તા માનવક તેમના દીવ્ય તેજમાં અંજાઇ જઈ સામે જોવાની હીંમત કરયા વિના માત્ર સાંભળ્યા કરતો હતો. ગૌ-તમ બુધ્ધે પાસે બોલાવી પૂછયું " કેમ યત્તા મા-નવક ! મેં જે બોધ આપ્યો તે તારાથી સમજાયો!" યત્તા માનવકે ઉત્તર આપ્યો " હાજી, તેમાંનો કેટ-લોક ભાગ મારાથી સમજાયો છે. મહાત્મા બુધ્ધે કહ્યું કે " ત્યારે બોધમાં મેં જે વચનો કહ્યાં છે તે ફરી-થી બોલી જઇશ" ? યત્તા માનવક તે વચનો બરાબર બોલી શકયો નહિ તેથી ગૌતમ બુધ્ધે ફરી નાચે પ્રમાણે કહી સંભળાવ્યા ને પાઠ કરાવ્યાઃ—

" હું વચન આપું છું કે—કોઇ પણ જીવતા પ્રાણીને ઈજા કરવી નહિ તેમ મા-રવું નહિ. "

" હું વચન આપું છું કે—કોઇના આ-પ્યા શિવાયની વસ્તુ લેવી નહિ."

"હું વચન આપું છું કે—વાણી, વિચારે અને કૃત્યો શુદ્ધ રાખવાં. "

" હું વચન આપું છું કે—અસત્ય કદી વદવું નહિ."

" હું વચન આપું છું કે—દારૂ અગર તમાકુનુ વ્યસન કે કોઇ પણ જાતનો નીશો કરવો નહિ."

ચત્તા માનવક પોતાની ઘણીજ યાદ શક્તિને લીધે તે વચનો તરત શીખી ગયો. ત્યાર પછી મહાત્મા બુધ્ધે કહ્યું કે " ચત્તા માનવક! ભવિષ્ય કાળમાં તને મારા જેવા થવાનું ગમે છે, કે જેથી કરી મનુષ્યોને અનેક પ્રકારના સંસારના દુઃખો અને વ્યાધીમાંથી મુકત કરી શકે?" ચત્તા માનવકની ભવિષ્યમાં જન્માન્તરોમાં એક દીવસ જ્ઞાની થવું એવી તેની પ્રબળ ઇચ્છા હતી તેથી કરી તેણે ગૌતમ બુદ્ધ તરફ શરમાઇને કહ્યું કે " હાજી, કોઇ દીવસ આપના જેવા થવાની મને પ્રબળ ઇચ્છા છે ખરી. ત્યારે ગૌતમ બુધ્ધે કહ્યું હું તને એક કવિતા આપું તે તું દરરોજ ગાઇશ?"

બાલકો યાદ રાખજો કે મહાત્મા ગૌતમ બુદ્ધ મહાન કવિ હતા. અને ખાસ ચત્તા માનવકને માટે આ કવિતા તરત બનાવી હતી, અને તે શીક્ષાઓની

કોથળી લઇ રસ્તેથી જાય ત્યારે ગાય એવી ઇચ્છા હતી. કવિતાનો સારાંશ નીચે પ્રમાણે છે.

" ભવિષ્યમાં કોઇક દીવસે મહાત્મા બુદ્ધ જેવા બની મનુષ્યોના દુખો નિવત કરવાં. જ્ઞાન એવી ઉત્તમ વસ્તુ છે કે જે પવિત્ર, સુરવીર, શાણા ને નમ્ર બનાવે છે. " વીગેરે આ પ્રમાણેની કવિતા ગૈતમ બુધ્ધે પાઠ કરાવી ચત્તા માનવકને જવાની આજ્ઞા આપી. તે પોતાના બન્ને હાથ જોડી ઘણુજ માન પૂર્વક દંડવત્ પ્રણામ કરી આજ્ઞા લઈ ચાલતો થયો. ચત્તા માનવકને મહાત્મી ગૈતમ બુધ્ધે જે બોધ કરયો હતો તેની ઘણીજ ઉંડી અસર થઇ હતી. અને તે કવિતામાંજ તનમય બની ગયો હતો.

બાળકો ! બીજે દીવસે પેલી કવિતા ગાતો ગાતો ચત્તા માનવક સોનાની કોથળી લઇ જંગલને રસ્તેથી ગુરૂને ઘેર જતો હતો ત્યાં રસ્તામાં લુટારૂઓ તેના પર તુટી પડયા અને તેને મારી નાંખ્યો. ને જે મહાત્મા બુધ્ધે પોતાની દીવ્ય દ્રષ્ટીથી જોયું હતું તે ખરૂંજ પડયું ! ચત્તા માનવકના બહારના શરીરનો નાશ થયો પણ એના આત્માની તો સદ્દગતિજ થઇ. મહાત્મા ગૈતમ બુધ્ધે જે સારા વિચારો એનામાં મૂકયા

હતા અને તે સારી વાસનાથી તેનો સ્વર્ગવાસ થયો. નવા જન્મમાં તે મહાત્મા બુદ્ધ જેવો મહાન મહત્મા થવાનો અને દુઃખી જનોના દુઃખ દૂર કરવાનો.

અહો બાલુડાઓ ! આ વાત પરથી તમે શું શીખ્યા ! ચત્તા માનવક જેવી આપણે સ્મરણ શક્તિ રાખવી જોઇએ. જેવો ચત્તા માનવકે મહાત્મા બુદ્ધના વચન પર વિશ્વાસ રાખ્યો હતો તેવો આપણે કોઇ સારા પુરુષ કહે તે પર વિશ્વાસ રાખી ખરૂં માનવું. આપણે ચત્તા માનવક જેવા ધર્મીષ્ટ અને વીનયી થવું જોઇએ.

બોધપાઠ ૧૦મો.

અખંડ સુખના શીખરે ચઢવાની સીડી

પ્રિય બાલ બંધુઓ ! શું થાય છે ? ઓ હો ! આજ તો છબી જુઓ છો? વાહ ઘણુંજ સારૂં કામ કરો છો. ચિત્રો જોવાં અને તેનું જ્ઞાન લેવું એ એક જાતનો પણ અભ્યાસ છે. પરંતુ ચિત્રો એવાં જોવાં કે જેથી તેની અસર સારી

થાય મેં એક પુસ્તકમાં છબી જોઇ છે તે ઘણીજ સારી છે. તે છબીનું નામ " અખંડ સુખના શી-ખરે ચઢવાની સીંડી " એવું છે. એ છબીમાં માત્ર સીંડીજ ચીત્રેલી છે. તેમાં ચઢાર પગથીયા છે અને ઠેઠ ઉપર દેવળ જેવું છે. દરેક પગથીયા પર કાંઇ લખ્યું છે, વળી દેવળ પર પણ કાંઇક લખ્યું છે, માટે એ વિષે તમને વિસ્તાર પૂર્વક કહું તે સાંભળો.

જેમ કોઇ ઉંચા મકાનપર ચઢવું હોય તો દાદ-રના દરેક પગથીયા પર પગ મૂકી આખો દાદર ચ-ઢાય છે ને મકાનપર પહોંચાય છે; તેમજ સુખના શિખરે ચઢવા સારૂ તેમાં જેટલા પગથીયા છે તે દરેકપર પગ મૂકી ચઢીએ તોજ ઠેઠ શીખરે પહોંચાય એમ છે જો એકપણ પગથીયા પર પગ મૂકવાનો ભૂલી ગયા તો નીચે પડી જવાય એવી સીડી છે એટલે સુખી થવા સારૂ એ છબીમાંના દરેક પગ-થીયાપર જે નીયમસર લખ્યું છે તે પાળવાજેવું છે. જો એમાંનો એક પણ નીયમ તોડાય તો સુખી થવાને બદલે દુખી થવાય.

હવે હોઆર્ય બાળો ! હું તમને તે ચિત્રમાંના દ-રેક પગથીવાપર શું લખ્યું છે તે કહી સંભળાવું. જુઓ.

પહેલા પગથીયાપર "સેવા" એ શબ્દો લખેલા છે—આપણે આપણા માતપિતા, ભાઇ બહેન, સગાં વહાલાં, તથા નાનાં મોટાં સર્વની સેવા કરવી એ સુખના શીખરે ચઢવાનું પહેલું પગથીયું છે.

બીજા પગથીયાપર " પ્રેમ તથા ભ્રાતૃભાવ " એ શબ્દો લખેલા છે—આપણે દરેક પ્રાણી માત્ર પર પ્રેમ રાખવો, દરેક બાળ મિત્રો પર ભાઇના જેવોજ હેતભાવ રાખવો એ સુખના શીખરે ચઢ· વાનું બીજું પગથીયું છે.

ત્રીજા પગથીયાપર " ખંતથી વિદ્યાભ્યાસ " એ શબ્દો લખેલા છે.—આપણે ઘણાં જ ખંતથી, જે ન આવડે તે પૂછી, સૌથી સારામાં સારો વિદ્યાભ્યાસ કરવો એ સુખના શીખરે ચઢવાનું ત્રીજુ પગથીયું છે.

ચોથા પગથીયાપર " આજ્ઞાધીન " એ શબ્દો લખેલાં છે. આપણે આપણા માતપિતા વડીલ, શિક્ષ· ક, ગુરૂ, આપણાથી મ્હોટાભાઇ બહેન, સગાં વહાલાં, તથા જે કોઇ હોય તેની સદા આજ્ઞાને આધી· ન રહેવું, તેઓ કહે તે કરવું, તેમની શીખામણ માનવી એ સુખના શીખરે ચઢવાનું ચોથું પગથીયું છે.

પાંચમા પગથીયાપર "દયા" એ શબ્દો લખેલા છે–આપણે દરેક પશુ, પક્ષીપર, નાના, મોટાં સર્વ પ્રાણીપર દયાભાવ રાખવો એ સુખના શીખરપર ચઢવાનું પાંચમું પગથીયું છે.

છઠા પગથીયાપર " વિવેક " એ શબ્દો લખેલા છે–આપણે વિવેકી થવું જોઇએ દરેકની મર્યાદા રાખવી જોઇએ, જ્યાં હોય ત્યાં વગર બોલાવ્યા બોલવું નહિ, કામ વગર જ્યાં ત્યાં ડાફાં મારવાં નહિ, વગર વિચારનું ડહાપણ ચલાવવું નહિ, મોટામાં સત્યતાથી બેસવું, ઉઠવું, ચાલવું, બોલવું વગેરે કરવું, ઉદ્ધતાઇ કરવી નહિ, ગંભીરતા ધારણ કરવી; કોઇ આવ્યું હોય તો તેને સારૂં માન આપી આદર સત્કાર કરવો વીગેરે સર્વ ગુણો વિવેકમાં સમાઇ જાય છે. આપણે આપણા માતપિતા, ધર્મગુરૂ, શિક્ષક, મોટાં ભાઇ બહેન, સગાં વહાલાં પ્રત્યે જેમ બને તેમ વિવેકથી વર્ત્તવું, એ સુખના શીખરે ચઢવાનું છઠ્ઠું પગથીયું છે.

સાતમા પગથીયાપર "નમ્રતા " એ શબ્દો લખેલા છે–કહેવત છે કે નમ્યા તો તે દેવને ગમ્યા." માટે દરેકની સાથે નમ્રતા રાખવી, દરેક સાથે

નમતાજ રહેવું; આપણો શત્રુ હોય કે મિત્ર હોય પણ સર્વની સાથે નમનતાઇથી રહેવું; અને નમ્રતા રાખવી એ સુખના શીખરે ચઢવાનું સાતમું પગથીયું છે.

આઠમા પગથીયાપર "ઉત્સાહ" એ શબ્દો લખેલા છે.—જે કામ કરવું હોય તે ઉત્સાહથીજ કરવું. ઉત્સાહથી કરવામાં આવતું કામ ગમે તેવું કઠીણ હોય છે પણ તે ફતેહમંદ નીવડે છે. માટે આપણે વિદ્યાભ્યાસમાં, પ્રભુ ભક્તિ વીગેરે સારા કામમાં ઉત્સાહ રાખવો એ સુખના શીખરે ચઢવાનું આઠમું પગથીયું છે.

નવમા પગથીયાપર "ધૈર્ય" એ શબ્દો લખેલા છે. આપણાપર ગમે તેવી અડચણ આવી પડે તે ધૈર્ય રાખી સહન કરવું, પણ આકળા ગાભરા થઇ રડવું નહિ. કદાચ આપણે પરિક્ષામાં નાપાસ થયા તો તેથી અકળાઇ જઇ રડવું નહિ, ગભરાવું નહિ, વિદ્યાભ્યાસપરથી પ્રીતી ઉઠાડવી નહી, પણ ધૈર્ય રાખી અભ્યાસ કરવો એ સુખના શીખરે ચઢવાનું નવમું પગથીયું છે.

દશામા પગથીયારપર "શ્રમ" એ શબ્દો લખે-

મા છે–આપણે આપણું મન સારા કામો કરવામાંજ રાખવું જોઇએ, અને ખરાબ કામ કરવાનું મન નહિ થાય એવી રીતે મનને વશ રાખવું, એ સુખના શી· ખરે ચઢવાનું દશમું પગથીયું છે.

અગીઆરમા પગથીયાપર "દમ" એ શબ્દો લખેલા છે–આપણી દરેક ઇન્દ્રિયો (જેવી કે આંખ, કાન, જીભ વગેરે) વશ રાખવી આંખનું જોવાનું કામ છે તેને જ્યાં ખરાબ કામ થતું હોય તે જોવા ન દેવું. કાનને સાંભળવાનું કામ છે તેને જ્યાં ખરાબ ગવાતું હોય, અપશબ્દ બોલાતા હોય, અથવા પ્રભુની તેમજ કોઇ–પ્રાણીની નિંદા થતી હોય તે સાંભળવા નદેવું. જીભને ખાવાનું કામ છે તેને બહુ ખાવાનો સ્વા· દ પાડવો નહિ. આવી રીતે સર્વ ઇન્દ્રીયોનું જે જુદું જુદું કરવાનુ કામ છે તે ખોટે માર્ગે ન કરે તેવી સાવચેતી રાખવી એ સુખના શીખરે ચઢવાનું અ· ગીયારમું પગથીયું છે.

બારમા પગથીયાપર "ક્ષમા"એ શબ્દો લખેલા છે.–આપણું કોઇ નુકશાન કરે, કદાચ કોઇ ક્રોધમાં મારે તો ક્ષમા રાખવી; આપણું કંઇ નુકશાન થાય, પૈસા, ચીજ કે ચોપડી ખોવઇ જાય તો તે વખતે

ક્રોધમાં ન આવી જતાં ક્ષમા રાખવી એ સુખના શીખરે ચઢવાનું બારમું પગથીયું છે.

તેરમા પગથીયાપર " શાંતિ " એ શબ્દો લખેલા છે–આપણે સર્વદા શાંત ચિત્તના, શાંત મનના, શાંત વિચારના થવું; ઉદ્ધતાઇ તથા ગાભરાપણું, કે વલવલીયા બનવું નહિ, પણ શાંતિને આપણા હૃદયમાં કાયમ રાખવી એ સુખના શીખરે ચઢવાનું તેરમું પગથીયું છે.

ચૌદમા પગથીયાપર "સત્યતા" એ શબ્દો લખેલા છે–આપણે સર્વદા સત્યજ બોલવું, કદી પણ જુઠું બોલવું નહિ. સાચું બોલવાથી સંકટ આવતું હોય તો તેની દરકાર રાખવી નહિ પણ જુઠું બોલવાથી કદાચ લાભ મળતો હોય તો તે લાભને જવા દઇ સાચુંજ બોલવું એ સુખના શીખરે ચઢવાનું ચૌદમું પગથીયું છે.

પંદરમા પગથીયાપર "અહિંસા "એ શબ્દો લખેલા છે–આપણે સર્વપ્રાણીપર રહેમ રાખવી કોઇની પણ હીંસા કરવી નહિ બાલકો ! જેવો આપણો જીવ વહાલો છે તેમ દરેક પ્રાણીને પોતાનો જીવ વહાલો છે. કદાચ કોઇ આપણને ચુંટી ખણે છે તો કેવું દુઃખ થાય છે તે પ્રમાણે કોઇ જીવની હીંસા કરવાથી તે

જીવને કેટલું દુઃખ થતું હશે. ઘણાં બાળકો ચાંચડ, મચ્છર, જુ, મંકોડા, કીડી, માંકડ વોગેરે નાના જીવો થી રમતમાં હીંસા કરે છે, કુતરા, બકરા, ગાય આદી જાનવરોને પથરાની અથવા લાકડીથી મારે છે નેતે. મને હેરાન કરે છે. આવી રીતે કોઇને મારવું અથવા હિંસા કરવી એ મોટામાં મોટું પાપ છે, અને અહિં. સા એ મોટામા મોટો ધર્મ છે માટે અહિંસા ધારણ કરવી એ સુખના શીખરે ચઢવાનું પંદરમું પગથીયું છે.

સોળમા પગથીયાપર "પરહિત" એ શબ્દો લ. ખ્યા છે–આપણે બને તેમ પારકાનું ભલું કરવું, પછી તનથી, મનથી, કે ધનથી જેનાથી બને તેનાથી અનાથ પ્રાણીનું ભલું કરવું. આપણા બાલમિત્રોનું ભલું કેમ થાય તે વિચારમાં રહેવું. અને સૌનું ભલું થાય એવી મનમાં ઇચ્છા કરવી અથવા પ્રભુને પ્રાર્થ. ના કરવી. આવી રીતે પરહિત કરવું એ સુખના શી. ખરે ચઢવાનું સોળમું પગથીયું છે.

સતરમા પગથીયાપર "પ્રસન્નતા" એ શબ્દો લ ખેલા છે–બાલકો ? આપણે સદા પ્રસન્નતામાંજ રહે. વું, આનંદમાં ફરવું, હસ્તુ વદન રાખવું, શોક, કલે. શ, ભય, ચિંતા આદીને દુર કરી, પ્રસન્નતામાં રહી

બીજાને પ્રસન્ન રાખવા એ સુખના શીખરપર ચઢવાનું સતરમું પગથીયું છે.

અઢારમા પગથીયા પર " પ્રભુભક્તિ " એ શબ્દો લખેલા છે. આપણે પરમેશ્વરના નામનું સ્મરણ કરવું, તેના ગુણગાવા, એ ભક્તિ કહેવાય છે. પ્રભુએ આપણને માણુસ જાતિમાં અવતાર આપ્યો, અનેક દુઃખમાંથી છુટા કરી મુક્તિ મેળવવાનો લાગ આપ્યો તો પ્રભુને શા માટે ભુલી જઇએ ? નહિ, અવશ્ય દરરોજ સવાર સાંજ પરમેશ્વરનું પ્રેમથી સ્મરણ કરવું એ સુખના શીખરે ચઢવાનું અઢારમું પગથીયું છે.

આ અઢાર પગથીયા ચઢયા પછી સુખના શીખરે (એટલે દેવળમાં) પહોંચાય એવું છે. તેમાં બતાવેલા અઢાર નીયમો જો પળાય તો અખંડ સુખ પમાય.

વહાલા બાલબંધુઓ ! મેં કહ્યું તે ચિત્ર કેટલું બધું શીખામણ આપનારૂં છે ? ચાલો હવે આજથીજએ ચીત્રમાં બતાવ્યા પ્રમાણે આપણે અખંડ સુખના શીખરે ચઢવાનો આરંભ કરીયે. પગથીએ પગથીએ ચઢીને ધીરે ધીરે થોડે થોડે કરતાં આપણે પહોંચી જઇશું. આ અઢાર નીયમો તરત નહી પળાય તો કાંઇ હરકત

નથી. એક પછી એક પાળીશું તો વખત જતાં સઘળા નીયમો સાથે પળાશે. અને તેમ કરતાં આપણે અખંડ સુખ પામીશું.

બોધપાઠ ૧૧ મો.

સાયંકાળ ઇશ્વર સ્તવન.

અરે ! બાલકો બહાર ! આવો, બહાર આવો, હું તમને કંઇક બતાવું. જુઓ જુઓ પેલો દેખાવ કેવો મજેનો છે ? આહાહા ! ભગવાન સૂર્યનારાયણ પ્રભાતમાં ઉદય થતી વખતે જેવો દેખાવ થાય છે તેવોજ અસ્ત થતી વખતે છે. પોતાનું આખા દીવસનું કાર્ય જગત પ્રતિ પોતાના કીરણોથી કરવાનું હતું તે પુરેપુરૂં કરી છુટા થઇ હવે અસ્ત પામે છે. બાલકો જુઓ તો ખરા ! સૂર્યનારાયણ જાણે સાક્ષાત સોનાના હોય તેવા તેજસ્વી જણાય છે. વળી એના સોનેરી કીરણો ઝાડોના લીલા પાંદડાપર પડી પાંદડાને સોનાના બનાવી દીધા હોય, નદીના જળના મોજાં પર પડી

મોજાંને સોનાનાં બનાવી દીધા હોય, એવું શું નથી જણાતું ? વળી આસપાસના વાદળાંઓ પણ કેવાં સોનેરી થઇ ગયાં છે. અરે ! સામે તો જુઓ ! પેલું સાત રંગનું મેઘ ધનુષ કેવું સુંદર દેખાય છે ! આ-હાહા ! કુદરતી દેખાવો કેવા રમણીય અને મોહક હોય છે ? બાલકો ! જેવા સુર્ય ભગવાન અસ્ત થયા કે તરતજ સામી દીશા–એથી ચંદ્રમા ઉદય થશે અને તે પણ પોતાનો શાંત તેજોમય પ્રકાશ આ જગત પર પાડશે.

તમે જાણો છો કે આ જગતની દરેક વસ્તુના, પશુ પક્ષીના, માણુસના ને તમામ પ્રાણી માત્રના પીતા સુર્યનારાયણ અને માતા ચંદ્રમા છે. એમના વડે આપણે નાનાથી મોટા થઇએ છીએ, આરોગ્ય, ને પામીએ છીએ, ફળફુલ, અનાજ, વગેરે સર્વ એમના વડેજ પાકે છે. વરસાદ પણ એમનાથીજ વરસે છે. અને આખી દુનીયા એમના વડેજ ચાલે છે. માટે આપણે સૂર્યનારાયણના સવારે અને સાંજે દર્શન કરવા જોઇએ. તેમજ ચંદ્રમાના પણ દર્શન કરવા જોઇએ. માટે ચાલો એમના દર્શન કરીએ.

વાહલાં બાળકો આપરથી એક શીખામણ લો.

વાની કે જેવી રીતે આવા સમર્થ સૂર્ય તથા ચંદ્ર ઉદય થાય છે તેજ પ્રમાણે અસ્ત પામે છે. તેમનો ઉદય કાયમ રહેતોજ નથી; તેવી રીતે આ જગતમાં જે કોઇ ઉદય પામવાનો તે અસ્ત થવાનો, સુખી થયો તે દુઃખી પણ થવાનો, ચઢતી થઇ તેની પડતી થવાનીજ, જન્મવાના તે મરવાના, એમાં ઉદય, સુખ, ચઢતી, જન્મ સદા કાયમ રહેવાનાંજ નથી માટે જો આપણો ઉદય થાય, સુખ મળે, ચઢતી થાય તેથી અભીમાન ધરવું નહિ, ફુલી જવું નહિ અથવા મદમાં છકી જવું નહિ.

પ્રીય બાલુડાંઓ ? હવે પૂરેપરી સાંજ પડી. સઘળે દીવા થયા, માટે આપણે કાંઇ કરવાનું છે, તે તેમને યાદ છે ? જેવી રીતે આપણે પ્રભાતમાં પ્રભુની પ્રાર્થના કરી તેવી રીતે અત્યારે પણ સાંજની પ્રભુ પ્રાર્થના કરવી જોઇએ. જેમ બે વાર ખાઇએ છીએ તેમ બે વાર ઇશ્વરની પ્રાર્થના કરવી એ આપણો ધર્મ છે. માટે ચાલો સાયંકાળનું ઇશ્વર સ્તવન કરીએ.

સાયંકાળ ઇશ્વર સ્તવન.

જય જગપાલક, વિશ્વ વિનાયક,
બાલક અંતરયામી રામ;
શ્રી હરિ નંદન, કરીએ વંદન,
સંધ્યા સમયે તમને શ્યામ— જય૦
ચાલક પાલક આપ પ્રભુ છો,
અમે બાલકો સૌ અજ્ઞાન,
કરૂણા સિંધુ. દીન જન બંધુ,
વિશ્વ પતિ વિશ્વમ્ભર રામ— જય૦

વાહ! આપણે આજે ઘણાજ પ્રેમથી સાંજની ઇશ્વર પ્રાર્થના કરી છે. આ પ્રમાણે આપણે રોજ બે વાર પ્રાર્થના કરીશું તો પ્રભુ અવશ્ય પ્રસન્ન રહે છે, ને ઘણું સુખ આપશે. ચાલો હવે વાળુ કરવાનો વખત થયો માટે આપણે સૌ સૌને ઘેર જઇ વાળુ કરી આવીએ.

બોધ પાઠ—૧૨ મો.

પ્રમાણીક પણું સૌથી સારામાં સારૂં છે.

ઇંગ્લાંડમાં જે છોકરાઓ ગરીબ હોય છે ને જેઓ પાસે ભણવાને સારૂ પૈસા હોતા નથી તેઓ આપણા હિંદુસ્તાનના છોકરાઓની માફક આળસુ થઈ બેસી રહેતા નથી અથવા રમતમાં દીવસ ગાળતા નથી, પણ પોતાનાથી થઈ શકે એવો ઉદ્યોગ કરે છે. પાંચ ૭ વરસના નાના બાળકો થોડા પૈસામાં ફળફળાદી અથવા શાક ખરીદ કરી તેને બજારમાં વેચે છે ને તેમાંથી કાંઈક નફો મેળવે છે.

આવા ઉદ્યોગ કરાનારા બાળકોમાં કોઈક ઘણા પ્રમાણીક હોય છે ને કેટલાક અપ્રમાણીક હોય છે. કહેવત છે કે—"**પ્રમાણીક પણું સૌથી સારામાં સારૂં છે; ને વળી પ્રમાણીક માણસ ઘણો સુખી થાય છે.**" બાળકો! હું તમને એક પ્રમાણીક અને અપ્રમાણીક છોકરાની વાત કહું છું તે જો સાંભળશો તો ઘણો બોધ મળશે.

ફ્રાન્સીસકો અને પાંડ્રો એ નામના બે છોકરા હતા. તેઓ બને સરખીજ ઉમરના હતા. તેઓ ફળ-

ફળાદી તથા શાક ભાજી વેચવાનો ધંધો કરતા હતા. ફ્રાન્સીસકો એક પ્રમાણીક માળીનો છોકરો હતો જે જન્મથીજ સાચું બોલતો હતો, ને પ્રમાણીક પણે ચાલતો હતો. પીડ્રો એક માછીનો છોકરો હતો, તે ઘણોજ લુચ્ચો ને જુઠો હતો. તેનો નિયમ એવો ખરાબ હતો કે ગમે તે પ્રકારે પૈસા કમાવવા, લુચ્ચાઇ દોંગાઇથી સાચું જુઠું સમજાવીને એક પૈસાના ચાર પૈસા પેદા કરવા. આ બે છોકરાઓ મિત્ર હતા, દરરોજ સાથે વેચવા બજારમાં જતા. પરંતુ બન્ને મિત્રંમાં તફાવત એટલોજ હતો કે ફ્રાન્સીસકો પ્રમાણીક હતો અને પીડ્રો અપ્રમાણીક હતો. એક દીવસ બન્ને મિત્રો બજારમાં વેચવા ગયા. ફ્રાન્સીસકો તડબુચ અને નારંગી વેચતો હતો અને પીડ્રો બટાકા વીગેરે શાક ભાજી વેચતો હતો. તે દીવસે બન્ને છોકરાઓનો માલ ઉતરી ગયેલો અને ખરાબ હતો. એક ગૃહસ્થે ફ્રાન્સીસકો પાસે આવી પૂછયું કે "આ તડબુચ સારૂં છે?" ફ્રાન્સીસકોએ કહ્યું "નાજી, આ તડબુચ ઉપરથી સારૂં દેખાય છે પણ અંદરથી ઉતરી ગયેલું છે, જો આપને લેવું હોય તો ઓછે પૈસે આપીશ. વળી આ નારંગી પણ જરા ઉતરી ગઇ છે." ત્યારે તે ગૃહસ્થે કહ્યું "અલ્યા છો-

કરા ! તું પ્રમાણીક જણાય છે. પણ આ પ્રમાણે ખરૂં કહેશે તો તારો માલ કેમ વેચાશે ? ફ્રાન્સીસ-કોએ કહ્યું " **જો લેનારની ઈચ્છા હશે તો લેશે, પણ ખરાબ માલ સાચો કહી આપવો અને જુઠું બોલી છેતરવું તથા અપ્રમાણીક કામ કરવું એ મને ખરાબ લાગે છે. કેમ કે પ્રમા-ણીક પણું સૌથી સારામાં સારૂં છે.** " આ સાંભળી તે ગૃહસ્થ ઘણોજ રાજી થયો અને શાબા-શી આપી પીડ્રો પાસે ગયો અને પુછયું. " અલ્યા ! બટાકા કેવાછે? કેમ શેર આપે છે?" પીડ્રોએ કહ્યું" મ-હેરબાન બટાકા તાજા છે. ઘણાજ સારા છે. માટે લઇ જાઓ. " પછી તે ગૃહસ્થે બટાકા લીધા. આ પ્રમાણે તે દીવસે તો ફ્રાન્સીસકોનો માલ વેચાયો નહિ ને કાંઇ પણ કમાણી થઈ નહીં; અને પાડ્રોએ ખોટું બોલી અપ્રમાણીક બની સઘળો માલમ વેચી નાખ્યો. જયારે બન્ને છોકરાઓ ઘેર જતા હતા ત્યાં રસ્તામાં પીડ્રોએ ફ્રાન્સીસકોને કહ્યું " અલ્યા ફ્રાન્સીસકો તેં કેવી મૂર્ખાઇ કરી ! તે તારો માલ ખરાબ કહી વે-ચ્યો નહી ! જો. મેં બગડેલા ને સળી ગયેલા બટા-કા ઉંધુ ચતું સમજાવીને કેવા વેચી નાખ્યા ! અને એક ના ચાર પૈસા ઉપજાવ્યા ! ત્યારે ફ્રાન્સીસકોએ

કહ્યુ "ભાઇ ભલે માલ વેચાયો નાહિ તેની મને ચિંતા નથી પણ અપ્રમાણીકપણાંથી કામ કરવું તથા જુઠું બોલી છેતરવુ એ મહાપાપ છે પ્રમાણીકતાનો તથા સાચાઇનો બદલો ઇશ્વર નકી આપે છે."

હવે જે ગૃહસ્થ પીડ્રો પાસેથી બટાકા લઇ ગયો હતો તે તેને ઘેર ગયા પછી સળેલાને ખરાબ માલમ પડયા. તેને ખાત્રી થઇ કે લુચ્ચા પીડ્રોએ મને છેતરયો છે. બીજે દીવસે તે ગૃહસ્થ બજારમાં ગયા અને પડ્રોને પુષ્કળ ઠપકો દીધો, પૈસા પાછા લીધા અને આખા બજારમાં સાખ હલકી પાડી નાખી. પીડ્રો ઘણા માણસને છેતરતો હતો તેથી દરેકનેજ ખાત્રી થઇ કે પીડ્રો હરામખોર છોકરો છે. સૌ પીડ્રો પાસે એકઠા થયા, તેને પકડયો, માર મારયો, અને બજારમાં બેસવાનું બંધ કરાવ્યું. સર્વ માણસોએ ફ્રાન્સીસકોની પ્રમાણીકતાના વખાણ કરયાં, ઘણાએ એને ઇનામ આપ્યું, ને દરરોજ એની પાસેથી માલ લેવાનું નકી કરયું. આથી ફ્રાન્સીસકોનો માલ હમેશા ખપવાથી અને પ્રમાણીકપણે વરતવાથી ઘણીજ કમાણી થઇ. તેને ધીરે ધીરે નાના ધંધામાંથી મોટો ધંધો કરવા માંડયો અને પ્રમાણીકને લીધે તે એટલું બધું કમાયો કે

ઘણોજ ધનવાન થયો. પેલો લુચ્ચો, ઠગારો પીડ્રો જીંદગી સુધીજ અપ્રમાણીક, લુચ્ચો, ગડીયોને કાયરજ રહ્યો. જ્યાં ત્યાં અપ્રમાણીકના, ચોરીના, દગા ફટકાનાજ કામો કરીને છેવટે કેદમાં ગયોને ઘણું દુઃખ ભોગવ્યું.

બાળકો! આ વાત પરથી આપણે સમજવાનું છે કે " **ફ્રાન્સીસકો જેવાજ પ્રમાણીક, ને સાચુ બોલનારા થવું. જો આપણે પ્રમાણીક પણે કામ કરીશું તો તેમાં ફાયદો સારો થશે ને અધીક સુખી થઇશું માટે આપણે પ્રમાણીક પણાનો ગુણ ધારણ કરવો.** "

બોધપાઠ–૧૩ મો.

સુવાનો સમય.

પ્રિય બાલ બંધુઓ! હવે નવ વાગ્યા. સુવાનો વખત થયો. માટે આપણે વાતો બંધ કરી સુઇ જઇએ. હમેશાં વહેલા સુઇ જવાથી ને વહેલા ઉઠવાથી આપણે આરોગ્યવાન રહીએ છીએ. કહેવત છે કેઃ—

રાતે વહેલા જે સૂઇ, વહેલા ઉઠે વીર;
બળ બુદ્ધિ બહુ ધન વધે, સુખમાં રહે શરીર,

માટે હવે સૂઇ જઇએ. પરંતુ બાલકો ! આપણે આખા દીવસમાં જુદા જુદા પ્રકારનાં કામો કર્યાં હશે, નવું નવું જોયું હશે, સાંભળ્યું હશે, કદાચ ભય, શોક, ચિંતા ઉપજાવે એવું પણ સાંભળવામાં અથવા જોવામાં આવ્યું હશે. આ બધું જોએલું ને સાંભળેલું આપણા મનમાં વારંવાર યાદ આવ્યા કરવાનું અને સૂતી વખતે વધારે વધારે યાદ આવી એનાજ સ્વપ્નાં આવવાનાં અને સ્વપ્નમાં પણ તે જોઇ ભય, શોક, ચિંતા થવાની. માટે આ સઘળું સૂતી વખતે મનમાંથી ભૂલી જવું જોઇએ કે જેથી એવાં સ્વપ્નાં આવે નહિ. ત્યારે હવે એને માટે શું કરવું ? આહા હા ! જુઓ આપણે કંઇ સારા વિચાર (ભાવના) જયાં સુધી ઉંઘ આવે નહિં ત્યાં સુધી સુતા સુતા કરયા કરીશું એટલે આપણું મન એ સારા વિચારમાં રોકાઇ જશે અને પેલું સઘળું ભૂલી જવાશે. જુઓ ત્યારે બાલકો ! હું તમને સુતી વખતે કરવાની ભાવના (વિચાર) કહું તે સાંભળો.

પહેલી ભાવના—હે ઈશ્વર ! મને, મારા

બાળ મિત્રોને, તથા સર્વ ને સર્વોત્તમ આ· રોગ્ય, સર્વોત્તમ વિદ્યા, સર્વોત્તમ સદ્‌બુદ્ધિ તથા સર્વોત્તમ ભક્તિ પ્રાપ્ત થાઓ !

બીજી ભાવના—અહો ! હું નિર્ભય છું ! શોક તથા ચિંતા રહિત છું ! મહા- બળવાન છું ! અત્યંત પ્રસન્નતામાં છું ! આહા ! મને સરસ્વતિ દેવી પ્રસન્ન છે ! હું વિદ્વાન અને પ્રભુને પ્રીય થઇશ ! વાહ! પ્રભુ મારા હૃદયમાં છે તે સૌ સારૂં જ કરે છે !

પણ બાલુડાઓ ! આપણે હજી એક છેલ્લું કામ કરવાનું છે. જુઓ ! પરમાત્માએ આપણું આખા દીવસમાં રક્ષણ કરયું, ખાવાનું, ઓઢવાનું પહેરવાનું આપ્યું, વિદ્યા આપી, સદ્‌બુદ્ધિ આપી, આરોગ્યમાં રાખ્યા ને સર્વવાતે સુખી કર્યા. તો તેનો ઉપકાર સૂતી વખતે માનવો જોઇએ. એ સમર્થ પ્રભુ વિના આટલું બધું કોણ કરનાર છે ? કોઇ કંઇ આપણું જરા કામ કરે છે તો તેનો કેટલો બધો ઉપકાર માનીએ છીએ તો આપણા સદાના રક્ષક સમર્થ માતપિતા પ્રભુ જે આપણે માટે આટલું બધું

કરે છે, તેનો ઉપકાર શા વાસ્તે ન માનીએ? માટે ચાલો આપણે સઘળા બાળમિત્રો એકત્ર થઈ અત્યંત પ્રેમથી છેલો ઉપકાર નિવેદન સ્તુતી કરી છુટા પડીએ, ને પેલાસારા વિચાર કરતા કરતા સુઇ જઇએ.

પ્રભુ ઉપકાર નિવેદન.

હે ઇશ્વર ! હે સમર્થ શિરોમણી પ્રભુ ! હે વિશ્વપતિ ! અમે અજ્ઞાનબાળકો આપના ઉપકારનું વર્ણન કરવા અશકત છીએ ! હે શિરછત્ર માતપિતા ! આપે આજે આખા દિવસમાં લાલન પાલન કરી રક્ષણ કરયું છે ! હે સદ્‌ગુરૂ ! આપે વિદ્યા, સદ્‌ગુણ, સદ્‌બુદ્ધિ આદીનો પ્રસાદ આપ્યો છે ! અનંદમાં, આરોગ્યમાં અને અત્યંત સુખમાં રાખ્યા છે ! અમે સર્વ બાલુડાંઓ આપના ઉપકારી થયા છીએ ! અને તે ઉપકારના બદલામાં માત્ર પ્રેમ પૂર્વક નમસ્કાર કરીએ છીએ તે સ્વીકારો ! હે ! નિયંતા દેવ ! જેવી રીતે આખો દીવસ સર્વવાતે રક્ષા કીધી

છે તેવી રીતે હે રક્ષક પ્રભુ રાત્રે પણ રક્ષણ કરજો ! જય જય પ્રભુ જય જય !

જય ! જય ! બાલ મિત્રો ? હવે આ તમારો બાલસન્મિત્ર જાય છે આ બાલસન્મિત્રનો આજે તમને પ્રથમ સમાગમ સારીરીતે થઇ ચુક્યો છે, અને તે સમાગમથી તમે ઘણું શીખ્યા છો, ઘણી નવી શીખામણો લીધી છે, અને તે પ્રમાણે વરતશો તો આ પ્રથમનો સમાગમ સફળ થયો એમ માનીશ ચાલો હવે છેલા જય ! જય ! વળી ફરીથી ઇશ્વર ઇચ્છા હશે તો આપણો બીજો સમાગમ થશે, તે વખતે પણ આ તમારો બાલ સન્મિત્ર કાંઇ નવીનવી સદ્‌ગુણની શીખામણ કહેશે. જય ! પ્રિય બાલમીત્રો ! જાઉં છું ! આવજો, હોંકે બીજો સમાગમ થશે એટલે મળીશું.

બાલહિતોપદેશ.

શિક્ષા કહું એક હિતની, અહો મુજ પ્રેમીબાલ,
વાંચી, વિચારી ચિત્તથી, મનન કરો ધરી વ્હાલ.

* * *

પ્રભાતમાં વહેલાં ઉઠી, લેવું પ્રભુનું નામ;
જેથી સઘળા દીવસના, સફળ થાય સૌ કામ. ૧

માતપિતાને પૂજ્ય ગણી. *સેવ કરો ધરી પ્રેમ;
આજ્ઞાને આધીન થઇ, રહો રાખી શુદ્ધ નેમ. ૨

ઉંચે સ્વરે ન બોલવું, લાવો હૃદયે ક્રોધ;
શાંત સ્વભાવ ધરી સદા, ગ્રહણ કરો સદ્‌બોધ. ૩
પ્રયત્ન ને ઉત્સાહથી, કરવો વિદ્યાભ્યાસ;
સદ્‌ગુણશાળી મિત્રથી, રાખો દૃઢ સહવાસ. ૪
આળસ ને અળગું કરી, રહેવું પ્રયત્નશીળ;
ભક્તિ અને અભ્યાસમાં, કદી ન કરવી ઢીલ. ૫
કોઇ સાથે લઢવું નહિ, રહેવું રાખી સંપ;
લઢતાં લઢતાં થાય છે, માંહોમાંહ્ય કુસંપ. ૬
ઇર્ષ્યા નવ કરવી કદી, રાખો નિર્મળ મન;
સંતોષે રહી સર્વદા, રહેવું અતિ પ્રસન્ન, ૭
વાણી મધુરી બોલવી, કટુ ન વદવું વેણ;
સત્ય વચન ને સેવતાં, અસત્ય કહો ન કેણ. ૮
ચોરી, ચાડી ચુગલી, મહા દુર્ગુણ કહેવાય;
ભુલે ચુકે સેવીએ, તો મહા દુઃખી થવાય. ૯
દેખીને નીજ પાસમાં, ઢગ પર દ્રવ્ય અપાર,
લલચાઇ લેવા નહિ, કરો કુબુદ્ધિ લગાર. ૧૦
નાના મોટા સર્વથી, કરો વિનયથી વાત;
વેંત નમે જો કોઇ તો, આપણ નમવું હાથ. ૧૧
વગર વિચાર ન બોલવું, જ્યાંત્યાં વારંવાર;
બોલો તોલી બોલવા, કરીને પુખ્ત વિચાર. ૧૨

---

* સેવા.

વસ્ત્રાદીને પુસ્તકો, રાખો સ્વચ્છ વિશેષ;
સંભાળીને રાખતાં, બગડે નહિ લવલેશ. ૧૩
સ્વચ્છ તમે રાખો સદા, તન મન, વાણી, વિચાર;
સ્વચ્છપણું રાખ્યા થકી, વાધે પ્રભુનો પ્યાર. ૧૪
નીયમીત રહો સૌ રીતમાં, કરો ન અનીમીત કામ;
નીયમો સારા પાળતાં, સુધરે કાર્ય તમામ. ૧૫
તન રાખી આરોગ્યમાં, સેવો મન આનંદ;
વધીએ વિદ્યાભ્યાસમાં, મેળવીએ સુખકંદ. ૧૬
અયોગ્ય રમત ગમત મહી,(૧) વ્યય નહિ કરશો કાળ;
શીખી સદ્‌ગુણ જ્ઞાનને, નમ્ર બનો સૌ બાળ. ૧૭
હિંસા કરોન કોઇની, છે અતિ પાતક કર્મ;
સદા અહિંસા ધારવી, છે સર્વોત્તમ ધર્મ. ૧૮
સત્ય વચન વદવું સદા, જુઠ ન વદો લગાર;
સત્ય ગમે છે સર્વને, રહે પ્રભુનો પ્યાર ! ૧૯
વિવેક વિનયને નમ્રતા, દયા ધૈર્ય ને દાન;
નીશ્ચે મનમાં જાણજો, છે સદ્‌ગુણની ખાણ. ૨૦

* * *

હરિ એ કહિ શિખ હિતની, અલ્પ બુદ્ધી અનુસાર;
થાઓ અતિ હિતકારી આ, અહો ! મુજ પ્રેમી બાલ.

---

૧ ગુમાવશો.

વચનામૃતો.

૧. સદા સત્યનો જય છે. સત્યથીજ સુખ પમાય છે.
૨. વિવેક રૂપી વસ્ત્રો ધારણ કરો.
૩. સર્વદા ઇશ્વર સ્મરણ કરવું.
૪. પ્રાતઃકાલે વહેલા ઉઠવું. દીવસે ઉંઘવું નહિ.
૫. માતપિતા તથા ગુરૂની સેવા કરવી અને આજ્ઞા પાળવી.
૬. વિદ્યાભ્યાસમાં આળસ કરવું નહિ.
૭. ભાઇ, બહેન, સગાંવહાલાં મિત્રો પર પ્રીતી રાખવી.
૮, સૌની સાથે સ્નેહથી વરતવું.
૯. ઓછું બોલવું પણ સારૂં બોલવું.
૧૦. પ્રમાણિક રહી સઘળું કામ કરવું.
૧૧. જે કાંઇ જાણતા હોઇએ તે બીજાને શીખવવું.
૧૨. સ્વચ્છતા અને સાદાઇ રાખવી.
૧૩. લખવા વાંચવાનો ઘણોજ અભ્યાસ પાડવો.
૧૪. સંતોષી બાળક સૌને ગમે.
૧૫. સદ્ગુણીની સોબત સુખદાયક છે.
૧૬. દરે કામ કાળજી અને સંભાળ રાખી કરવું.
૧૭. પોતાનાં વખાણ બીજા આગળ કરવાં નહિ.
૧૮. કંઇ કામ કરતાં પહેલાં વિચાર કરવો.
૧૯. દરેક બાબતમાં નિયમિતપણું રાખવું.
૨૦. સંપીલું બાળક સદા સુખી હોય છે.

સૂચના.

આ પુસ્તક બાળકોને ઇનામ તથા ભેટ
વહેંચવા સારૂ જે સજ્જન સામટી નકલો મ
તેમને રૂપૈયાની દશ નકલ પ્રમાણે આપવામાં આ

હરિલાલ ચુનીલાલ.
કાગળવાળા.
ભુતડીને ઝાંપે શ્રી નૃસિંહાશ્રમ.
વડોદરા.